શ્રી સ્વામિનારાયણ

Rs. 5/-

October 2009

મહેસાણામાં પ.પૂ.મહારાજશ્રીનો ૩૭મો પ્રાકટ્યોત્સવ

પ્રકાશકઃ-
શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:-
Shree Swaminarayan Temple, Ahmedabad-1

॥ आशीर्वाद पत्रम् ॥






દીપાવલી અને નૂતનવર્ષ દરવર્ષે નવો ઉમંગ, ઉત્સાહ અને ઉલ્લાસ લઈ આવે છે, પણ જે સર્વાવતારી સર્વોપરી શ્રીહરિનો દાસ છે તેના માટે તો આ પર્વ શ્રીહરિનું ભજન-સ્મરણ અને આરાધના માટેનો નવો ઉમળકો અને જોશ પ્રેરનાર છે.

આપણે સૌ તો શ્રી હરિના દાસાનુદાસ છીએ - આવો સૌ મળીને શ્રીહરિએ સર્વપ્રથમ અને સ્વયં પધરાવેલ (તેમનાજ સ્વરૂપ) એવા શ્રી નરનારાયણ દેવને પ્રાર્થના કરીએ કે નૂતન વર્ષ સૌ માટે પરમ મંગળકારી નીવડે અને શ્રીહરિના ગમતામાં વર્તન કરીને માયાના બંધનો વચ્ચે વીંટળાયેલ આ મનુષ્ય જન્મને છેલ્લો જન્મ કરી સર્વાવતારી શ્રીહરિના પરમ કૃપાપાત્ર બનીએ.

દેશવિદેશ વસતા સૌ સત્સંગીઓને અમારા રૂડા શુભાશીર્વાદ સહ નૂતનવર્ષાભિનંદન અને જયશ્રી સ્વામિનારાયણ.

શુભાશીર્વાદ સહ

Shree Swaminarayan Bagh Ahmedabad 380 052 Phone : (079) 27478070 Fax : (079) 27452145 Museum: (079) 2741 9597, 2749 9597



संस्थापक
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
www.swaminarayanmuseum.com

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ - ૨૭૪૫૨૧૪૫

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
આજ્ઞાથી
તંત્રીશ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

પત્રવ્યવહાર
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ
વાર્ષિક રૂા. ૫૦-૦૦
વંશપરંપરાગત
દેશમાં રૂ.. ૫૦૧-૦૦
વિદેશમાં : રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ : રૂા. ૫-૦૦

શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ-3 અંક : 30 અકટૂમ્બર-2009

અ નુ ક્ર મ ણિ કા

૧. અસ્મદીયમ્ ૨

૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ 3

૩. સંપ્રદાયમાં સર્વ પ્રથમ વાર મહેસાણામાં ધામધૂમથી ઉજવાયેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૭ મો પ્રાગટ્ય જયંતી મહોત્સવ ૪

૪. શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી ૫

૫. ઉપાસના ૬

૬. શ્રદ્ધાથી સર્વસ્વ ૮

૭. સનાતન ધર્મ માર્તંડ આચાર્ય પ્રવર ૧૦૦૮ પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ ૯

૮. સત્સંગ સુરભિ. ૧૧

૯. સત્સંગ બાલવાટિકા ૧૪

૧૦. ભક્તિસુધા ૧૭

૧૧. પ્રશ્નપેટી ૨૨

॥ અસ્મદીયમ્ ॥

"દીપાવલી" એટલે પ્રકાશનું પર્વ અંધકારમાંથી ઉજાસ તરફ અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ અને માયામાંથી મુક્તિ તરફનું પર્વ. હજારો વર્ષોથી હિંદુ સનાતન સંસ્કૃતિમાં લાખો મનુષ્યો આ પર્વને આનંદ અને ઉલ્લાસથી ઉજવતા રહ્યા છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ પોતાની હયાતિમાં દીપાવલીનું પર્વ આનંદ અને ઉલ્લાસથી કલ્યાણ સભર રીતે ઉજવાતું હતું અને આજે પણ ઉજવાય છે. વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદસ, દીપાવલી, નૂતનવર્ષ, ભાઈબીજ થી લાભ પાંચમસુધીંનો આ ભારતીય પરંપરાનો સૌથી લાંબો ઉત્સવ આપણે સૌ ઉલ્લાસભેર ઉજંવીએ.

દિવાળીના દિવસે ઘરના ઉંબરે કે ટોડલે આપણે જ્યારેં દિવડા પ્રગટાવીએ ત્યારે પ્રભુને પ્રાર્થીએ કે એ દિવડાઓનો પ્રકાશ આપણા અંતર મનમાં રહેલા અજ્ઞાન અને માયાના અંધકારને દૂર કરી પ્રભુ પ્રીતિના પ્રકાશને પાથરે એવી પ્રભુ પ્રાર્થના જરૂર કરીએ, પ્રભુ રામચંદ્રજીએ કરેલો રાવણવધ એ તો માત્ર એક બાહ્ય ઘટના પણ આપણા અંતરમાં રહેલા હજારો રાવણો જે અંતઃશત્રુ રૂપે જીવે છે, તેનો વધ કરી પ્રભુ રૂપી અયોધ્યામાં આપણું પુનરાગમન એ જ આપણી સાચી દિવાળી. દિવાળીનો અનુગામી દિન એટલે "નૂતન વર્ષ" આવનારૂ આ નવું વર્ષ આપણા સૌ માટે સુખ સમૃધ્ધિ અને શાંતિ સાથે આરોગ્ય પ્રદ નીવડે તથા શ્રી નરનારાયણ દેવના ચરણમાં આપણી નિષ્ઠાને સમર્પણ નિત્ય નવું ને નવું જ થતું રહે. નૂતન વર્ષ આપણું ઘર ને વાસણ ઉજળા થાય જ છે પણ સાથો સાથ આપણા અંતર મનમાં રહેલો અણસમજ અને અજ્ઞાનનો અંધકાર દૂર થાય ને અંતરમંજન થઈ પ્રભુ પરાયણ બનીએ એજ પ્રાર્થના સહ પ્રભુ આપ સર્વે ભક્તોનું સપરિવાર શ્રેય કરે એ જ શુભેચ્છાઓ સહ હરિસ્મૃતિ સહ શુભ દીપાવલી તથા નૂતન વર્ષાભિનંદન.......!

તંત્રીશ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(સપ્ટેમ્બર-૨૦૦૯)



૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.

૮. પ.ભ. મુકેશભાઈ અંબાલાલ પટેલને ત્યાં પધરામણી, રાણીપ.

૯. પ.ભ. ધર્મપ્રસાદભાઈ એમ. શુકલને ત્યાં પધરામણી, ડ્રાઈવ ઈન રોડ.

૧૨-૧૩. છપૈયાધામ દર્શનાર્થે પધરામણી.

૧૫. પ.ભ. ચંદ્રસિંહ ઉદેસિંહ ચૌહાણને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

૧૭. જેતલપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધરામણી.
પ.ભ. વાડીલાલભાઈ પટેલ (ગાયત્રી દુગ્ધાલય) દ્વારા આયોજીત પી.પી. સ્વામીની રાત્રી પારાયણ પ્રસંગે પધરામણી, નારણપુરા.

૧૯. માંડલ ગામે પ.ભ. જીતેન્દ્રભાઈ રામજીભાઈ પટેલને ત્યાં પધરામણી.

૨૦. શ્રીજી પ્રોવીઝન સ્ટોરમાં પધરામણી, સરખેજ. વહેલાલ શ્રી સ્વામિનારાયણ મંદિર યજ્ઞ તથા મંદિર જીર્ણોધ્ધાર પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય જેતલપુર અક્ષરમહોલ વાડી શ્રી સરસ્વતી પૂજન પ્રસંગે પધરામણી.
વણઝર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પધરામણી.

૨૮. મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૩૭ મો પ્રાગટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.
સાંજે ઓસ્ટ્રેલીયાના ધર્મપ્રવાસે તા. ૨૮-૯-૨૦૦૯ થી ૧૨-૧૦-૨૦૦૯ સુધી.

☆ શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ દશાંશ વિશાંસ ધર્માદો કરવા અંગે હરિભક્તોને સૂચન ☆

વ્હાલા ભક્તજનો ! મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને આપ સૌને ખૂબજ સુખીયા કર્યા છે. કારણ કે જે હરિભક્તો શ્રીહરિની શિક્ષાપત્રીનું અક્ષરઃ સહ પાલન કરીને જીવન નિર્વાહ કરે છે તેના જીવનમાં ક્યારેય કોઈ દુઃખ સમસ્યા કે વિકટ પરિસ્થિતિ આવતી નથી. શિક્ષાપત્રીના ૧૪૭ માં શ્લોકમાં શ્રીજી મહારાજે સ્પષ્ટ આજ્ઞા કરી છે કે અમારા દરેક આશ્રિત માત્રે પોતાની આવકનો દશમો અને વ્યવહારે દુર્બળ હોય તેવા હરિભક્તે પોતાની આવકનો વિસમો ભાગ દેવને અર્પણ કરવો. એટલે કે ચોખ્ખો ધર્માદો કરવાની આજ્ઞા કરી છે. દેશ વિભાગના લેખ મુજબ જે તે દેશમાં રહેતા હોય તે દેશના મુખ્ય મંદિરમાં જ ધર્માદો અને સાથે નામવેરો આપી પાકી પહોંચ મેળવી લેવી. ધર્માદાની **રકમ અન્યત્ર ફંડ, બાંધકામ, જીર્ણોદ્ધાર રસોઈ કે કોઈપણ અન્ય સેવા અર્થે આપી શકાય નહીં.** માટે શ્રી નરનારાયણદેવ દેશના હરિભક્તોએ આપણા અમદાવાદના મુખ્ય મંદિર કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિરના મુખ્ય કોઠાર ઓફિસમાં આપનો દશમો અને વિસમો ભાગ (દશાંશ-વિશાંસ) ધર્માદો જમા કરાવી પાકી પહોંચ 'ધર્માદા'ની મેળવી લેવી.

જે હરિભક્તો શરતચૂક કે અજ્ઞાતવશાત્ ધર્માદો કરવાનું ભૂલી ગયા હોય અથવા ધર્માદો એ અન્ય સેવામાં ગણી લેતા હોય તેમને અમારું નમ્ર સૂચન છે કે હવેથી આપ ધર્માદાને અન્ય સ્વરૂપે ન આપતા ફક્ત ધર્માદાની રકમ ધર્માદામાં જ આપવી. જે શ્રીહરિનું આજ્ઞાનું પાલન કરીને આપણે આપણો વ્યવહાર શુદ્ધ કરી શકીશું.

'જાગ્યા ત્યારથી સવાર' આ પંક્તિને યથાર્થ કરીને સૌ હરિભક્તોએ નાનાથી લઈ મોટા ધંધા ઉદ્યોગ વાળા વહેપારીઓ આ નૂતન વર્ષમાં ધર્માદો ચોખ્ખો કાઢવાનો નિયમ લઈ આપણું જીવન સુખમય બનાવીએ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૭ મો પ્રાગટ્યોત્સવ મહેસાણામાં ઉજવાયો

- અહેવાલ સંકલન - કમલેશ એન. પટેલ (અમદાવાદ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે સંસ્થાપિત શ્રી નરનારાયણદેવની ગાદીની આચાર્ય પરંપરાના પ્રાગટ્યોત્સવ અમદાવાદમાં ઉજવાતા હતા. તે અલભ્ય લ્હાવો શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમપૂજય ધર્મ ધુરંધર આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સંપ્રદાયમાં સર્વ પ્રથમવાર દંઢાવ્ય પ્રદેશ ઉત્તર ગુજરાતના કેન્દ્ર સ્થાન મહેસાણામાં ઉજવવાની પવિત્ર સંમતિ આપી. દંઢાવ્ય પ્રદેશ ગાદીસ્થાન પર અનન્ય શ્રધ્ધા ધરાવતા હોવાથી ધામધૂમથી ઉજવવા તૈયારીઓ શરુ કરી. મહેસાણા મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ઉત્તમપ્રિયાદસજી તથા મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજીના નેતૃત્વ હેઠળ દંઢાવ્ય પ્રદેશના હરિ મંદિરના કોઠારીશ્રીઓ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડલના સંચાલકો. કોઓડીનેટરશ્રીઓ ગામડે ગામડે ફરી મહોત્સવની જાગૃતિ માટે સંપર્ક કર્યો.તેમાં બાલવા - વડુ, માણેકપુર-મોટપ, ઉંઝા, કરસનપુરા, મરતોલી, વિગેરે ગામોથી પગપાળા ચાલીને મહોત્સવમાં લાભ લેવા પ્રયાણ કર્યું. હજારોની જન સંખ્યા નવ નિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર, મહેસાણામાં ઉમટ્યા.

તા. ૨૮-૯-૨૦૦૯ આસો સુદ-૧૦ દશેરાની વહેલી પ્રભાતે અમદાવાદ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી ઉતારી દર્શન કરીને પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા એમસંપૂર્ણ ધર્મકુળનું આગમન થયું. સંત વૃંદ, સાં.યો. બહેનોની ભીડ એવી થઈ કે મંદિરમાં પ્રવેશવા માટે કપરુ હતું. મંગળ વાંજીત્રોના સૂર લહેરાતાં વાતાવરણ પવિત્ર બન્યું. સવારે ૭-૦૦ વાગે ભગવાનનો મહિમિષેક કરવામાં આવ્યો. દેશ વિદેશમાં લાઈવ દર્શન ઈન્ટરનેટ પર કરતા પ્રેક્ષકોને મહેસાણા ન પહોંચી શકવાનો વસવસો ન હતો ઘેર બેઠા દર્શન કરી રહ્યા હતા.

મંદિરના વિશાળ પટાંગણમાં ભવ્ય વિશાળ નયન રમ્ય સુશોભિત સભામંડપમાં નાના મોટા ઉંમરવાળાઓને સર્વેને બેસવાની યોગ્ય સગવડ સમ્પન્ન સભા મંડપમાં વહેલા તે પહેલા બેસવા લાગ્યા.

પ્રાગટ્યોત્સવની ઉજવણીની ગીત સંગીતની સૂરાવલી કેક કટીંગ કરીને હેપી બર્થ-ડેના નૃત્ય સહિત વાતાવરણ દિવ્યતાના શિખર પર પહોંચી ગયું.

સૌની નજર પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની મંદહાસ્ય મુખાકૃતિ પર ઠરી.

આયોજકોની આકર્ષક વ્યવસ્થા જેમાં માત્ર ઈષ્ટદેવ અને આચાર્ય મહારાજશ્રીની પ્રસન્નતા સિવાય કોઈ બીજો સ્વાદ નહિ.

જેતલપુર મંદિરના મહંત શાસ્ત્રી આત્મપ્રકાશદાસજીના નેતૃત્વમાં સંત મંડળના સંતો આયોજન સફળ કરવા કટીબદ્ધતા સાથે મહેસાણા શહેરના યુવકો, અગ્રગણ્ય હરિભક્તો, દંઢાવ્યના હરિભક્તો યુવકો, બધાને સ્વદર્શન નહિ અને પ્રસન્નતાની પ્રતિક્ષા એ જ સૂત્ર સિધ્ધ કર્યું હતું.

આ પ્રસંગમાં અમદાવાદ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને ધામોધામના સંતો, મહંતો પધાર્યા હતા. સભામાં વિવિધ યજમાનોએ પૂજન અર્ચન કરીને રાજીપો મેળવ્યો.

મહેસાણા મંદિરની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦ ફેબ્રુ.-૦૯ પછી મંદિરના મહંત સ્વામીની વહીવટી કુશળતા અને હરિભક્તોના ઉદાર સેવાની સફળતામાં મંદિરની બાજુની ૭૦૦૦ ચો.ફૂટ. નૂતન ભૂમિખરીદ કરીને ૫૫ લાખ રૂપિયાની જમીનનો દસ્તાવેજ અગ્રગણ્ય હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને સમર્પણ કર્યો.

માત્ર યજમાનો તો આરતીનો લ્હાવો સદાય લે છે પણ અહીં પચીશ હજાર દિવેટોની પ્રત્યેક ભક્તોને સમૂહ આરતીનો લાભ મળ્યો. સંતો, સાં.યો. બહેનો અને હરિભક્તોની સંખ્યા ગણી આપે તેને ઈનામમળે એવો ભવ્ય દિવ્ય પ્રાગટ્યોત્સવ સંપ્રદાયમાં સુવર્ણાક્ષરે લખાયો. આગામી જન્મોત્સવ ઈડર મંદિરના મહંત સ્વામી અને સાબરકાંઠા સત્સંગ સમાજ દ્વારા ઈડરમાં ઉજવાશે. (પેઈન્ટર પ્રવિણભાઈ પટેલ મહેસાણા, પેઈન્ટર ભરતભાઈ ભાવસાર, મહેસાણા.)

નવા વર્ષના કેલેન્ડર

નવા વર્ષના (૨૦૧૦ના)આકર્ષક કેલેન્ડર શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા પ્રકાશિત થઈ ગયેલ છે. જે હરિભક્તોની સૌજન્ય આપવાની ઈચ્છા હોય તેમને કોઠારમાં સંપર્ક કરવો.



શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી

- ગોરધનભાઈ વી. સીંતાપરા
(હીરાવાડી-બાપુનગર)

આ પૃથ્વી પર સર્વાવતારી શ્રીહરિ એ સમયે સભાઓમાં જ્યારે ભક્તજનોને ઉપદેશાત્મક આશીર્વચનનું સુખ આપતા, એવું જ દિવ્ય સુખ શ્રીહરિની જગ્યાએ બિરાજમાન અને શ્રીહરિના જ અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આજે આપણને આપી રહ્યા. છે. તે સુખ માણવું એ સંતો હરિભક્તો માટે જીવનનો એક અમૂલ્ય લ્હાવો હોય છે. તા. ૧૧-૫-૦૯ ના રોજ કર્મ શક્તિ પાર્ક દશાબ્દી મહોત્સવ તેમજ બહેનોના નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીના જે અમૃત વચનો કહ્યા તે ટૂંકસાર રૂપે અત્રે લખું છું.

મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ નિત્ય મંદિરમાં મહારાજનું દર્શન, ધ્યાન, કીર્તન, કથાવાર્તા વગેરે કરીએ એટલે મંદિરનો દાખડો સફળ થયો ગણાય. ઘરમાં સત્સંગનું વાતાવરણ ઉભું કરવું, દીકરા-દીકરીઓને સત્સંગના સંસ્કાર આપવા એ વિશેષે કરીને બહેનોના હાથમાં હોય છે. ભાઈઓ વ્યવહાર કાર્યમાં, દુકાને, ઓફિસે હોય છે. તેઓને ટાઈમ નથી હોતો. રસોડું તથા ઘર બહેનોના હાથમાં હોય છે. ઘરમાં એક બહેન સત્સંગી હોય તો આખું ઘર ધીમે ધીમે સત્સંગી થાય છે. અમે એવા ગામડા જોયા છે કે જે ગામમાં કોઈ જ સત્સંગી ન હોય. પરંતુ સત્સંગીની એક દીકરી તે ગામમાં જવાથી, તેનાથી - તેના ભગવાનથી તેના ઘરમાં સત્સંગ થાય. પછી પડોશના બે-ચાર ઘર સત્સંગી બને. પછી ગામમાં સત્સંગ થાય અને તેથી તેવા કેટલાક ગામોમાં આજે મહારાજના મંદિરો પણ બન્યા છે.


ભગવાનમાં રચ્યા પચ્યા રહીએ એટલે હૃદયમાં બીજા દોષો આવતા નથી. જેણે ભગવાનને છોડ્યા છે તેનામાં અનેક દોષો આવે છે. આપણામાં સ્વભાવનો કોઈ દોષ હોય તો તેની સામે હથિયાર લઈને લડી શકાતુ નથીં. ક્રોધ હોય કે માન હોય તેને તલવાર કાઢીને એમ કહીએ કે તું જતો રહે તો એમ તે દોષ જતો રહેતો નથી. તે માટે મંદિરમાં મહારાજ સમક્ષ આંખ મીંચીને બેસીએ, પોતાના દોષને ઓળખીએ. મહારાજને પ્રાર્થના કરીએ, નિત્ય સંત્સંગ કરીએ તો ધીમે ધીમે તે દોષ નિર્મૂળ થાય છે. આપણા દોષનું આપણને જાણપણું હોવું જોઈએ.

બીજાના દોષો ન જોવા. ભક્તોના અન્યોન્ય ગુણ જોવા. ભગત એટલે ફક્ત હરિભગત એમ નહિ. સંત, પાર્ષદ, બ્રહ્મચારી અમે અને તમે સૌ મહારાજના ભગત છીએ. જો અન્ય ભક્તોના ગુણ જોઈએ તો આપણું અંતઃકરણ સદ્‌ગુણોથી ભરાય જાય છે. અને દોષ જોઈએ તો તેનાથી વિરુદ્ધ પરિણામ આવે છે. પછી સત્સંગમાં સુખ આવતું નથી. વચનામૃતમાં મહારાજે તેવાને અડધા વિમુખ જેવા કહ્યાં છે. આજે શ્રીજી મહારાજ મનુષ્ય સ્વરૂપે કદાચ વિચરણ કરતા હોત તો આવા લોકો શ્રીજી મહારાજનો પણ અવગુણ લેત. કારણ કે તેના સ્વભાવમાં પ્રકૃતિમાં અવગુણ લેવાની ટેવ પડી હોય છે. વચનામૃતમાં મહારાજે સ્વભાવ પ્રકૃતિ ટાળવા પર ખૂબ વાત કરી છે. જે પોતાનો સ્વભાવ ટાળીને મહારાજના ગમતામાં વર્તે છે તે મહારાજની નજીક થાય છે. જે પોતાની પ્રકૃતિ ન ટાળી શકે તે મહારાજથી દૂર રહે છે. મહારાજ ભગવાન છે એવો નિશ્ચય તો બન્નેને હોય છે. તેમ છતાં સ્વભાવને કારણે આટલો ફેર પડે છે. દાદા ખાચર ભગવાનની નજીક રહી શક્યા. જીવા ખાચર ભગવાનથી નજીક ન થઈ શક્યા. તેનું કારણ એવું

(અનુસંધાન પાના નં ૯ પર)

ઉપાસના

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ, જમીયતપુરા
(મહંત સ્વામી માણસા)



સંવત્ ૧૮૭૮ ના શ્રાવણી પૂનમનું ભક્તિભીનું વાતાવરણ સભામાં સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણની ઉપસ્થિતિથી હર્ષઘેલું બની ગયું હતું. ગઢપુર ધામને ગોંદરે દાદા જેવા વિશાળ ભક્ત હૃદયી મુક્તના ઉંબરે એક તરફ ઘેલો છલકાવ્યો છે તો દરબારગઢનાં કાંગરે કાંગરે ભક્તોના હેતથી હેલી ઉઠળે છે. હરિવરના હાથે રાખડી બાંધીને કૃતાર્થ થવા હજારો હૈયા થનગને છે. ત્યારે રાખીના કાચા ધાગે પ્રેમની પાકી પકડમાં બંધાવા શ્રીહરિ પણ અધીરા થયા છે. રંગભીના તે સંતોએ ગૂઢા રંગના અવનવા વાઘાના દેદિપ્યમાન શણગારો સજાવ્યા છે. અનેક વિધ ફૂલડાઓથી વ્હાલો વનમાળી મેંહકી રહ્યા છે. ત્યારે સૌ પહેલા પ્રભુને પૂજવાનો લ્હાવો સ.ગુ. આનંદાનંદ સ્વામીને હાથ લાગી ગયો. વિશાળ ભાલમાં કેસરની આડ કરી. મધ્યે સોહામણો કુમકુમનો ચાંદલો કરી અક્ષરાધિપતિને ચોખલીયે વધાવતાં હાથે રૂડી રક્ષાના બંધને ભક્ત ભગવંત પરસ્પર બંધાયા અને ગગન સઘળું પાલનહારના જય જયકારથી ગુંજી ઉઠ્યું.

દિગંતોમાં ધીરે ધીરે પડઘા શમતા ગયા અને ભક્તવૃંદ પણ વિરાટ સાથે હથેવાળાના બંધનો બાંધી પોતાની વામનતા ખંખેરાયાની કૃતકૃત્યતા માણતા હરિદર્શનના સુખડા માણવા અને ઉપદેશામૃતના ઘૂંટડા ઝીલવા ઉત્સુક મને સભારૂપે પ્રત્યક્ષ મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. સ.ગુ. મુક્તાનંદ સ્વામીએ સિતાર, સરોદાના સુમધુર સૂર રેલાવ્યા ને કોકીલ કંઠે હરિગુણનું ગુંજન શરૂ કરે ત્યાં જ વાલમના વેણથી વિંધાઈ ગયા. "રાખો સ્વામી, આજ તો અમે પરમેશ્વરની વાર્તા કરીશું."

પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "જ્ઞાનમાર્ગ તો એવો સમજ્વો જે, કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ અને કોઈક કાળે ભગવાનનાં વચનનો લોપ થતો હોય તો તેની ચિંતા નહિ. પણ ભગવાનના સ્વરૂપનો દ્રોહ થવા દેવો નહિ." ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ શ્રીમદ્ ભગવત્ ગીતામાં ચાર પ્રકારના ભક્તોનો ઉલ્લેખ કર્યો છે.

चतुर्विधा भर्जन्तेमां जनाः सुकृत्तिनोऽर्जुन।
आर्तो जिज्ञासुयार्थी ज्ञानी च भरतर्षभ ॥

આર્ત, જીજ્ઞાસુ, અર્થાર્થી ને જ્ઞાની એમાં જ્ઞાનીને શ્રેષ્ઠ કહ્યો છે. અરે જ્ઞાનીને તો પોતાનો આત્મા કહ્યો છે. માટે હે ભક્તો તમો સૌ જ્ઞાન શીખજો - ભગવાનના સ્વરૂપનું જ્ઞાન સમજજો તો એ પરત્વે સૌ પ્રથમ એ સમજી લઈએ કે ભગવાન અને ભગવાનનું સ્વરૂપ શું છે ને કેવું ।।। આના માટે સમજવું પડે અન્વય અને વ્યતિરેકપણું અક્ષરધામના દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન સદા દિવ્ય સાકાર મૂર્તિ એક એવમ્ અદ્વિતિયમ્ એવા પૂર્ણ પુરુષોત્તમ અક્ષરાતિત નારાયણ જે સંવત ૧૮૩૭ ના છપૈયાપુરે ધર્મ-ભક્તિના ઘેર સંપૂર્ણપણે સ્વતંત્ર થકા, સ્વેચ્છાથી એક માત્ર અનંત જીવોને પોતાનો સંબંધ આપી સ્વસાધ્યર્મપણું આપવાના ઉદ્દેશથી પ્રગટ થયા જે પૂર્ણપણે માયા અને માયાના કાર્ય માત્રથી નિર્લેપ, નિઃસ્પૃહ અને સુખમય મૂર્તિ, સર્વકર્તા થકા સંપૂર્ણ અકર્તા એવા નરનાટ્યધારી શ્રીહરિ તેજ વ્યતિરેક સ્વરૂપ છે. અને હવે જેમાં જેમાં આ પ્રભુનો પ્રવેશ થતો ગયો જેટલા પ્રમાણમાં પ્રવેશ થતો ગયો તેટલા પ્રમાણમાં તે તે પોતપોતાના ભાવ ભૂલતા ગયા અને પ્રભુમય થતો ગયો તેટલા પ્રમાણમાં તે તે પોતપોતાના ભાવ ભૂલતા ગયા અને પ્રભુમય થતા ગયા. જેમાં જેટલા સમય પૂરતો

પ્રવેશ થયો તે તેટલા સમય પુરતું ભગવાનનું કાર્ય કરી ગયા તેને ભગવાનના અવતારો કહ્યાં તેમાં કોઈ અંશા અવતાર થયા, તો કોઈ નિમિત્ત અવતાર થયા, કોઈક કાર્યકારણ અવતાર થયા, તો કોઈ કળા અવતાર થયા, કોઈ મર્યાદા અવતાર થયાને કોઈ પૂર્ણ અવતાર પણ થયા, પણ આ બધા પૂર્ણ પુરુષોત્તમશ્રીહરિને લઈને, તેઓના પ્રવેશથી તેઓના અવલંબને, આજ્ઞાએ કરીને સોંપેલુ મુમુક્ષુઓને ભગવાનની દિશા તરફ દોરતું કાર્ય કરી ગયા. પણ તે સઘળા અવતારો હતા અને આ અવતારોમાં રહીને તેઓની પ્રેરક શક્તિ સમા કે મોકલનાર સર્વોપરિ અધિષ્ઠાતા સ્વયં અવતારી છે. અવતારોનું દર્શન, પૂજન શાસ્ત્ર સમંત અને અમારી આજ્ઞા અનુસાર પાડેલી પ્રથા છે. પરંતુ મનન, ચિંતન, આરાધન અને ઉપાસનાને પોતાના આત્મસ્વરૂપને વિશે જે ધારણ કરવું તે તો કેવળ અને કેવળ સર્વોપરિ અવતારી પ્રત્યક્ષ પ્રમાણ પૂર્ણ પુરુષોત્તમશ્રીહરિનું જ કરવું. એક તો જ્ઞાન માર્ગમાં આ વાત ખૂબજ દ્રઢપણે સમજવાની છે. અને ઘૂંટીઘૂંટીને તેના જ ગુણાનુગાન ગાયા કરો એવી જ એવી જ અભિરૂચી છે.

આગળ વધતા શ્રીહરિ કહે છે કે જેમાં જેમાં પ્રવેશ કર્યા પછી અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ. પૂર્ણ પ્રવેશ અને તે વળી સદાને માટે તો તેને ભગવાનના અવતાર નહી પણ તે શ્રીહરિનું સમ્યક સ્વરૂપ કહેવાય છે તે ભગવાનનું અન્વય સ્વરૂપ. ભગવાનની આબેહૂબ મૂર્તિ જ છે. આવી મૂર્તિ અષ્ટ પ્રકારની શાસ્ત્રોમાં ઉલ્લેખાયેલી છે. જેમકે ચિત્રામણ, કાષ્ટ, પાષાણ, ધાતુ, રેતી, માટી, મનોમય, મણીમય.

અને પરમ એકાંતિક શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ સંતમાં તેવા ખરેખરા ભક્તમાં પણ ભગવાન સર્વ પ્રકારે અખંડ નિવાસ કરીને રહે છે. તેવું ગ.પ્ર. ૬૮ ના વચનામૃતમાં સ્પષ્ટપણે સંબોધે છે. ભગવાનના અન્વય કે વ્યતિરેક કોઈપણ સ્વરૂપનો દ્રોહ થઈ જાય નહિ તેવું જ્ઞાન શિખવા મહારાજ અહીં સાવચેત કરે છે. હવે દ્રોહ તે શું ? તો તે સમજાવવા ખૂબજ સરસ નિરૂપણ સ્વયં શ્રીહરિ વચનામૃત વડતાલના ૨ બીજામાં કરી રહ્યા છે કે ચક્રવર્તી રાજાને બીજા ખંડીયા રાજા સાથે સરખાવવા તે ચક્રવર્તી રાજાનો દ્રોહ થયો કહેવાય. વાત એકદમ સીધીને સરળ છે કે સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનની સરખામણી બીજા કોઈ પણ સાથે કરીએ તો તે માત્ર અજુગતુ જ નહિ પરંતુ અપરાધાત્મક પણ કહેવાય. વળી બીજું દ્રષ્ટાંત આપતા મહારાજ કહે છે કે સર્વાંગ સુંદર રાજાને નાક, કાન, વિનાનો અપંગ ખંડિત કહેવો તે પણ તેનો દ્રોહ છે એટલે કે ભગવાન સદા સાકાર મૂર્તિ છે. તેને નિરાકાર કહેવા તે પણ તેનો દ્રોહ છે. એટલે ભગવાન સદા સાકાર મૂર્તિ છે. તેને નિરાકાર કહેવા તે પણ જરા સરખું પણ રૂચતું નથી.. આ ઉપરાંત ત્રીજું દ્રષ્ટાંત આપીને એજ વચનામૃતમાં કહે છે કે જેની સત્તા ચાલતી હોય તેની અવગણના કરીને અન્ય કોઈને સત્તા સ્થાને આરૂઢ માની લેવા એ પણ તેનો દ્રોહ છે. એટલે કે સર્વકર્તા હર્તા, નિયંતા અને પ્રેરક ભગવાન સ્વામિનારાયણ જ છે. તેમા કાળ, કર્મ, માયા કે અન્યનું પણ થોડું ઘણું કર્તાપણું માનીને દોરા, ધાગા કે કાર્યપુષ્ટિને અર્થે પૂજન, અર્ચન કરી લેવાપણું પણ ભગવાન શ્રીહરિના દ્રોહ થવારૂપ અઘોર અપરાધ જ છે. જે કદાપિ ન કરવા મહારાજ આજે અહીં શિખામણ આપે છે. શ્રીહરિ વચન આપે છે કે ક્યારેક વિપરીત કઠણ દેશકાળે અમારી બાંધેલી મર્યાદામાં વર્તવામાંથી કદાચ થોડી ઘણી ચૂક થઈ હશે તો તેને અમે પ્રાયશ્ચિત આપીને પણ શુદ્ધ કરી લઈશું. કાદવ-કિચડથી કોઈક વખત ખરડાઈ ગયા તો નવરાવી - ધોવરાવીને પણ પાછા ચોખ્ખા કરી દઈશું પણ ભગવાનને જાણવા સમજવાની નિષ્ઠામાં ગડબડ કે ગબરગંડ રહી અને ભેળસેળીયો સત્સંગ આચરી દ્રોહમાં પરિણમશો તો તેમાંથી તેને ઉગારવાની અમને પણ ક્યારેય સ્હેજ પણ રૂચિ થશે નહિ. હું તે પ્રત્યે ઉદાસીન રહુ છું. માટે લાડીલા ભક્તજનો, એક આટલી વાંતનું સદા નિરંતર ધ્યાન રાખજો અને કેવળ સર્વોપરિ એવા જે ભગવાન તેનો જ અનન્યપણે દ્રઢ આશરો રાખજો. તો અમારે ને તમારે ખૂબ હેત રહેશે અને એવા ભક્તને ભગવાન પાસે કશું જ માંગવાની જરૂર પડતી નથી. સ્વયં ભગવાન તેની બધી જ ચિંતા કરતા રહે છે.....

નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે

જેતલપુર : "www.jetalpurdarshan.com"

મહેસાણા : www.mahesanadarshan.com

છપૈયા : www.chhapaiya.com

શ્રદ્ધાથી સર્વસ્વ

- શાસ્ત્રી અભયપ્રકાશદાસ ગુરુ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી (નારાયણઘાટ)

શાસ્ત્રોના મતે જો મુક્તિ જોઈતી હોય તો ભગવદ્ જ્ઞાનઆવશ્યક છે. "ऋते ज्ञाना र्न मुक्ति" અને એ ભગવદ્ જ્ઞાન જે શ્રદ્ધાવાન હોય તે જ પ્રાપ્ત કરી શકે છે.

"श्रध्धावान लभते ज्ञानं"

શ્રદ્ધા હોય તો સર્વ થઈ શકે છે. ગમે તે કાર્ય કરતા હોય પણ એ કાર્ય પ્રત્યેની જો શ્રદ્ધા ન હોય તો તે કાર્ય કેવળ કરવા પૂરતું જ સિમિત રહેતું હોય છે. હૃદયથી તે કાર્ય થતું નથી.

ભગવાન સ્વામિનારાયણે ફણેણી ગામમાં સર્વ સત્સંગ સમાજને ધર્મનો ઉપદેશ આપ્યા બાદ ધર્મની વૃદ્ધિ કેમ થાય ? તેનો ઉપાય કહ્યો છે.જે શતાનંદ સ્વામીએ સત્સંગિ જીવનમાં બીજા પ્રકરણની શરૂઆતમાં ઉલ્લેખ્યો છે.

પ્રભુએ કહ્યું હે ભક્તજનો, ધર્મને વૃદ્ધિ પમાડનાર તથા પ્રાપ્તિ કરાવનાર સર્વ શ્રેષ્ઠ સાધન શ્રધ્ધા છે. શ્રદ્ધા વિનાની વ્યક્તિને ક્યારેય પણ ધર્મની પ્રાપ્તિ થતી નથી. શરીરને તપ કરીને સુકવી નાખીને, કે ઘણા ધન ને સારા માર્ગે વાપરવાથી ધર્મની પ્રાપ્તિ થતી નથી. તે માટે તો શ્રધ્ધાજ અનિવાર્ય જરૂર છે. શ્રદ્ધા તો માતાને સ્થાને છે. જેમ માતા બાળકને પાલન-પોષણ કરીને મોટો કરે છે. તેમશ્રદ્ધા પણ ધર્મનું પોષણ કરી તેને વૃદ્ધિ પમાડે છે. તેમજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તેનું પણ સર્વોત્તમ સાધન શ્રદ્ધા જ છે.

ગીતાના ચોથા અધ્યાયમાં ૩૯ ને ૪૦ માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, શ્રદ્ધાવાન પુરુષને તત્કાળ અધ્યાત્મની પ્રાપ્તિ થાય છે. તથા શ્રદ્ધા રહિત અને સંશય વાળો પુરુષ મોક્ષમાર્ગ થી ભ્રષ્ટ થાય છે. તેમજ ભગવાન શ્રીકૃષ્ણ ૧૭ માં અધ્યાયમાં ૨૮ માં શ્લોકમાં પણ કહે છે કે, શ્રદ્ધા વિના યજ્ઞ માં હોમેલું, દીધેલું, તપ, વ્રત વગેરે કરે તો પણ તેનું પૂર્ણતઃ ફળ પ્રાપ્ત થતું નથી.

હરિલીલામૃતમાં પણ વિહારી લાલજી મહારાજ કહે છે કે, "શ્રદ્ધા ઘરે છે. જન ચિત્ત જેહ, ગણાય છે. ઉત્તમ ભક્ત એહ,

શ્રદ્ધા વિના પૂજન જો કરાય, યથાર્થ તેનું ફળ તો ન થાય.
શ્રદ્ધા વિનાનો જપ જણ્ય કેવો, કરે મજૂરો નૃપ વેઠ્ય તેવો,
શ્રદ્ધા વિનાનો ઉપવાસ થાય, તો ઢોરની લાંધણ તે ગણાય."

રામાયણમાં પણ જે શ્રદ્ધાના શિખરે કહેવાય તેવી શબરીનો પ્રસંગ વર્ણવ્યો છે.

સત્તયુગમાં પંપા સરોવરને કિનારે મતંગ ઋષિનો આશ્રમ હતો. આ આશ્રમમાં શબરી મતંગમુનિ ને ખબર ન પડે તેમનિત્ય તેમની સેવા કરતી હતી. શબરીને હતું ઋષિને ત્યાં ભગવાન આવતા હોય છે. પણ પોતે ભીલ જાતિ ની હોવાથી ઋષિની સામે આવતા ગભરાતી હતી. પરંતુ દરરોજ એક વૃક્ષ પર રહી મતંગમુનિના સ્નાન કરવા જવાનો રસ્તો પોતે પોતાના હાથથી સાફ કરતી. એકવાર મતંગમુનિને થયું આ માર્ગ નિત્ય કોણ સાફ કરે છે ! ખબર પડી. શબરીને પોતાની પાસે બોલાવી સર્વ વૃતાંત પૂછ્યું. શબરીએ કહ્યું હું ઘર છોડીને ચાલી નીકળી છું. આ વૃક્ષ ઉપર રહી આપની સેવા કરુ છું. મને ભગવાનના દર્શનની ઈચ્છા છે. અને આપ જેવા ઋષિના આશ્રમમાં ભગવાન આવતા હોય છે. પછી તો શબરી આશ્રમમાં જ રહી નિત્ય મુનિની સેવા કરવા લાગી. આશ્રમવાળી સાફ કરે, મુનિની પૂજા માટે ફૂલો લાવે, વગેરે પ્રવૃત્તિ કરે. જ્યારે મતંગ મુનિનો અંતકાળ આવ્યો ત્યારે શબરીએ સાથે આવવા કહ્યું ત્યારે મતંગ મુનિ તેની સેવાથી ખૂબ રાજી થયા અને કહ્યું શબરી તું અહીં જ રહે. આ આશ્રમમાં એક દિવસ તને દર્શન દેવા ભગવાન આવશે. ત્યારબાદ ગુરુ વચનમાં વિશ્વાસ રાખી શબરી ભગવાનની રાહ જોતી બેઠી. નિત્ય માર્ગમાં પુષ્પો પાથરે ભગવાન માટે જંગલમાંથી મીઠા બોર લાવે. રાહ જુએ આજે મારો રામ આવશે ! આજે મારો રામ આવશે ! આમ કરતા કરતા પોતાની વૃદ્ધાવસ્થા સુધી પ્રભુની નિત્ય રાહ જોઈ. તો રામાયણ એમ કહે છે કે શબરીની શ્રદ્ધાને જોઈ સ્વયં મર્યાદા પુરુષોત્તમરામ તેને શોધતા શોધતા તેના આશ્રમમાં આવ્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ શ્રદ્ધાને પોષણ આપતા. સારંગપુરના ૧૮ માં વચનામૃતમાં કહે છે કે "જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેનો જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિશે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન અને ભક્તિ આદિક કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રગટ થઈ આવે છે. અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે. તથા ગઢડા મધ્યના ચોથા વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે અખંડ ચિંતવન થાય તેવી શ્રદ્ધા જોઈએ. અને જ્યારે એવી શ્રધ્ધા ન હોય ત્યારે તેટલું માહાત્મ્ય જાણ્યામાં પણ ઓછ્યપ છે. માટે શ્રદ્ધા હોય તો અખંડ ચિંતવન થાય છે.

સનાતન ધર્મ માર્તંડ આચાર્ય પ્રવર ૧૦૦૮ પૂજ્યપાદ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

આપણી આ મહા પવિત્ર ભારત ભૂમિની વિલક્ષણતા અને લાક્ષણિકતા તો એ છે કે, પતનને આરે પહોંચેલા જન સમાજને પવિત્ર પાવનકારી અને મોક્ષભાગી બનાવવા નિત્ય મહાપુરુષો, વિરલ આચાર્યો, ત્રિકાળજ્ઞાની સંતોની ભેટ ધરે છે. શ્રીજી મહારાજના સનાતન નિર્મળ અને સિદ્ધાંત મુજબ દયા, સ્નેહ, ભક્તિ સભર આચાર્ય ચૂડામણિ, ધર્મધુરંધર, ધર્મ માર્તંડ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજનું શુભ પ્રાગટ્ય સંવત ૧૯૭૮ ના આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શુભ દિને અમદાવાદ મુકામે થયું. સંવત ૧૯૮૬ માં તેઓશ્રીની ઉપનયન સંસ્કાર વિધિ સંપન્ન થઈ. તેઓશ્રીના શુભ લગ્ન સંવત ૧૯૯૭ માં કાશી વિશ્વનાથ મંદિરના અધ્યક્ષ શ્રી મહાવીરપ્રસાદજી તિવારીના સુપુત્રી શારદાદેવી સાથે થયા. શ્રી નરનારાયણદેવના ચોથા ગાદીપતિ આચાર્ય મહારાજશ્રી શ્રી વાસુદેવપ્રસાદજીના અક્ષરવાસ બાદ સંવત ૧૯૯૩ના કારતક વદ-બીજના મંગળ દિને ૧૫ વર્ષની વયે તેઓશ્રીએ આચાર્ય પદ સ્વીકાર્યું. અને ૩૨ વર્ષ સુધી આ પદ શોભાવ્યું હતું. તેઓશ્રીને વહીવટી કાર્યોમાં સરળતા રહે તે અર્થે એક સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલી. પૂજ્ય માતૃશ્રી પણ યોગ્ય માર્ગદર્શન પાઠવતા.

તેઓશ્રીના સલાહકારોમાં રાવબહાદુર છોટાલાલ નાથાલાલ જોશી, એડવોકેટશ્રી મૂળચંદભાઈ આશારામ શાહ, શેઠશ્રી વાડીલાલ અચરતલાલ ચોકસી, એડવોકેટ મણિલાલ લક્ષ્મીદાસ ભાલજા, એડવોકેટ જમિયતરાય દયાશંકર પંડ્યા વગેરે હતા. પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજ રાજા યુધિષ્ઠિર જેવા અજાત શત્રુ,પરદુઃખભંજનમાં રંતિદેવ જેવા, ગાંભીર્યમાં તેઓશ્રી સાગર સમાન હતા. તેઓ સમદર્શિતા, વાત્સલ્ય, સ્નેહ, ઔદાર્ય, ધૈર્ય આદિ અનેક શુભ ગુણ સંપન્ન હતા. તેમનું અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત આદિ ભાષામાં અજોડ પ્રાવીણ્ય હતું. સાહિત્ય, સંગીત કલાના નિષ્ણાંત હતા. તેઓશ્રી સ્વયં કવિ હોઈ તેમણે અનેક કાવ્ય રચના કરેલી છે. સંપ્રદાયના સાહિત્ય પ્રકાશનમાં તેઓશ્રીનું સ્થાન આજે પણ અગ્ર છે.



સત્સંગિભૂષણ અને હરિકૃષ્ણ લીલામૃત નો સંસ્કૃત ગ્રંથોનો ગુજરાતી અનુવાદ છપાવીને પ્રસિદ્ધ કર્યો છે. તેઓશ્રીના આચાર્ય કાળ દરમ્યાન વચનામૃતોની ૨૩ હજાર પ્રતો પ્રકાશિત કરવામાં આવી. ભક્ત ચિંતામણી, નિષ્કુળાનંદ કાવ્ય આદિની વીસ હજાર પ્રતો પ્રકાશિત કરવામાં આવી. સ્વામિનારાયણ સંપ્રદાયનો સચિત્ર ઈતિહાસ પ્રગટ કરાવ્યો.

આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીએ સંસ્કૃતનું જ્ઞાન શાસ્ત્રી ગીરજાશંકરભાઈ તથા પ્રધાન પંડિત દુર્ગાનાથ ઝા પાસેથી મેળવ્યું હતું. પરિણામે તેઓશ્રી સંસ્કૃત શ્લોકો રચી શકતા. સંપ્રદાયિક જ્ઞાન લુણાવાડાના શ્રી ગોપાલભાઈ દવે દ્વારા મેળવ્યું. ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનું જ્ઞાન શ્રી પ્રાણલાલભાઈ દવે પાસેથી પ્રાપ્ત થયું. જ્યારે સંગીતનું જ્ઞાન તેમને સ્વયંભૂ સહજ હતું. સંગીતાચાર્યો, સંગીતાજ્ઞોને અવાર નવાર બોલાવી

ભજન-કીર્તન આદિ સાંભળી તેમને પુરસ્કૃત કરીને ખૂબજ પ્રોત્સાહિત કરતા. વિવિધ રાગો પારખવાની તેમની શક્તિ અદ્‌ભુત હતી. તેઓશ્રી સુંદર ઘોડેશ્વારી કરતા. તોફાને ચઢેલો ઘોડો તેમની લગામથી શાંત થઈ જતો.

માતા-પિતા પ્રત્યે અતિશય ભાવવાહી હતા. બદ્રીનારાયણની યાત્રા દરમ્યાન માતૃશ્રીની શીબીકા (ડોળી) સ્વંય ઉપાડી માતૃ વત્સલયતાનું અણમોલ ઉદાહરણ તેઓશ્રીએ પુરૂં પાડ્યું છે. તો પિતાશ્રીની ત્રયોદશા પ્રસંગે અમદાવાદ શહેરની ચોરાસી કરી હજારો બ્રાહ્મણો, સંતો, હરિભક્તો, વૈરાગીઓને ભોજન કરાવી તૃપ્ત કર્યા. અને સત્સંગિભૂષણ ગ્રંથનું પારાયણ યોજ્યું હતું. સંવત ૨૦૦૯ ની રામનવમીના રોજ અમદાવાદમાં શ્રી નરનારાયણદેવના મંદિરની બાજુમાં શ્રી ઘનશ્યામમહારાજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્‌ હસ્તે થયેલો. ત્યાં "અક્ષરભુવન" તૈયાર કરવાની આજ્ઞા આપી હતી. આ દિવ્ય સંગ્રહ સ્થાનમાં પોતાને વંશપરંપરાથી મળેલી શ્રીજી મહારાજની અંગભૂત પ્રસાદીની વસ્તુઓ ચાખડીઓ, ચરણારવિંદો, પીતાંબર અને અન્ય વસ્ત્રો, માળા, બેરખા આદિને જીવની જેમ સાચવેલી, તેને ઉદાર હાથે અક્ષર ભુવનમાં પધરાવવા માટે આપી દીધી.

સંવત ૨૦૧૦ ના ચૈત્ર સુદ-૧૦ ના શુભ દિને બન્ને લાલજી અર્થાત્‌ શ્રી તેજેન્દ્રપ્રસાદજી તથા શ્રી રાઘવેન્દ્રપ્રસાદજીને ઉપવિત સંસ્કાર અમદાવાદ મંદિરમાં ખૂબજ ધામધૂમથી વિધિપુરઃસર તેઓશ્રીએ અપાવ્યા. પૂ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજને "ધર્મમાર્તંડ" નો ઈલ્કાબ કાશીના વિદ્વાન પંડિતોએ વિદ્વાન પંડિતોની સભામાં આપેલો. શિક્ષણ પ્રત્યે તેઓશ્રી ખૂબજ સજાગ હતા. જેના મૂર્તસ્વરૂપે "સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ" અસ્તિત્વમાં આવી. તેઓશ્રીની ગાદી પદારુઢની રજત જયંતી ભવ્ય રીતે સં. ૨૦૧૮ માં ઉજવાઈ ત્યારે તેમણે સત્સંગ અભ્યુદાર્થે પોતાની તમામ આવેલી ભેટની રકમ શિક્ષણ સંકુલ શ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટને આપી દીધી હતી. તેમણે સરકારને પણ આપત્તિમાં મદદ કરેલી. ચીનના ભારત પરના આક્રમણ સમયે અને પાકિસ્તાને ભારત પર કરેલા આક્રમણ સમયે તેમજ દક્ષિણ ગુજરાત રેલ રાહત સંકટમાં વગેરેમાં ખૂબજ મોટો આર્થિક સહયોગ આપીને દેશ સેવા, જન સેવાનું દૃષ્ટાંત પુરૂં પાડ્યું હતું.

શ્રી હરિના અપરસ્વરૂપના મુખેથી ચોથા પાનાનું ચાલુ

નથી કે દાદા ખાચરે ભગવાનને પોતાનો દરબારગઢ આપી દીધો. મહારાજ તો ભગવાન હતા, એવા તો કેટલાય સોનાના દરબારગઢ પૃથ્વીમાંથી બહાર કાઢે ! પરંતુ હકીકત એ છે કે દાદા ખાચર પોતાનો સ્વભાવ પ્રકૃતિ ટાળીને મહારાજના ગમતામાં વર્ત્યા. મહારાજની તેઓ આંખ પારખતા. જ્યારે જીવા ખાચર પોતાના સ્વભાવના દોષો ન ટાળી શક્યા તેથી મહારાજથી દૂર રહ્યા.

પોતાને કંઈ વિશેષ ધન સંપત્તિ મળે, સત્તા મળે, માન-સન્માન મળે એ સમયે જો ભગવાન અને સત્સંગની દ્રઢતા ન હોય તો તેમાંથી અહમનો જન્મ થાય છે. ઘણી આવી વ્યક્તિ મંદિરે આવે એટલે કહે કે અહીં આ બરાબર નથી. અરે ભાઈ ! ભગવાનના ઘરનો અભિપ્રાય આપ્યા વિના તું તારું ઘર સંભાળને ! માઈકલ એન્જોના એક મોટો નામાંકિત શિલ્પી હતો. આજે પણ તેના શિલ્પની બહુ મોટી કિંમત આવે છે. એક ધનવાન વ્યક્તિએ તેને એક શિલ્પનું કામ સોંપ્યું. તું સરસ કામ કર. હું તને પુષ્કળ ધન આપીશ. ભગવાનની મૂર્તિનું શિલ્પી કામ થતું હોય અને ઘણીવાર સંત-હરિભક્તો જોવા જાય તેમતે ધનવાન વ્યક્તિ શિલ્પી કામ જોવા ગયો. મનમાં નક્કી જ કરેલું કે શિલ્પમાં કંઈક ભૂલ કાઢવી. પોતે હથોડીને ટાંકણું કોઈ દિવસ હાથમાં લીધું ન હોય તેને શું ખબર પડે, પરંતુ બુદ્ધિ-પૈસાનું અહમ્‌ હતું, તેથી શિલ્પી કામ જોઈને કહ્યું કે શિલ્પી કામ સરસ કર્યું છે. પરંતુ આના નાકમાં થોડી તકલીફ છે. શિલ્પીએ મનમાં વિચાર્યું કે મેં નાક તો બરાબર કર્યું છે. પરંતુ આને દોષ જોવાની ટેવ લાગે છે. કંઈ વાંધો નહીં. હમણાં જ તેના મનનું સમાધાન કરી દઉં. શિલ્પીએ પહેલાને ખબર ન પડે તેમ એક હાથની મૂઠીમાં આરસની થોડી કરચો લીધી. બીજા હાથમાં હથોડી અને ટાંકણું લઈને નાક સરખું કરતો હોય તેવો દેખાવ માત્ર કરીને મૂઠી ખુલ્લી મૂકી. આરસની કરચો નીચે પડી. પછી પહેલાને કહે, હવે કેવું લાગે છે ? તો પેલો કહે, 'હવે બરાબર લાગે છે.' હકીકતમાં શિલ્પીએ નાકને ટાંકણું માર્યું જ નહોતું.

સત્સંગ મુગભટ

"મારે તો મહારાજને રાજી કરવા છે"

અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

ગામ કંભાલાના કાઠી મૂળુ ખાચર શોખીન જીવડો હતા. એમને ભગવાન સ્વામિનારાયણ નો સત્સંગ નહીં પરંતુ એમને ત્યાં વરસોથી સખા તરીકે રહેતા અરજણ કોળીને શ્રીજીનો મહિમા અને સત્સંગ બંન્ને હતાં એટલે દરબારને અવાર-નવાર કહે, "બાપુ એકવાર ગઢે જઈને મહારાજનાં દર્શન કરી આવો. મનખો સુધરી જશે."

એ દરમ્યાન મહારાજ ગઢડે વિરાજમાન હતા. કંભાલાના ભક્તજનો સ્વામી સહજાનંદજીનાં દર્શન કરવા ગઢપુર જઈ રહ્યાં હતાં. મુળજી ખાચરને થયું કે અરજણ કહે છે ત્તો "લાવને આ ભક્ત મંડળી સાથે જઈ આવું. મહારાજનાં દર્શન પણ થશે અને એમનું પારખું પણ થઈ જશે."

મહારાજ વિરાજમાન હોય એટલે દાદા ખાચરનો દરબાર ભાવિક ભક્તજનોથી હર્યોભર્યો રહેતો. કંઈક દીન-દુખિયારા મહારાજ પાસે આવતા અને અંતરને ટાઢું કરતા.

મૂળુ ખાચર મહારાજનાં દર્શનની ઈચ્છા ધારી ગઢપુર આવ્યાં.

"આવો દરબાર ! તમે ક્યાંથી ? લણણી અને કાપણીની વેળા છોડી ભક્ત મંડળી સાથે આવ્યા તે બહું રૂડું કર્યું. અમને ખૂબ આનંદ થયો. આ બધા તો વ્યવહારની વ્યથા નેવે મૂકીને ફરનારા ! પણ તમારાથી એમ થશે ?" મહારાજે દરબારને જાણે લાલ જાજમપાથરીને આવકાર્યા!

મહારાજની - સૌને આવકારવાની આ અનોખી શૈલી હતી ! દૂર દૂરથી આવનાર મુમુક્ષુજનો અને ભક્તજનોને સ્વામી સહજાનંદજી મહારાજ એવું હેત કરતા કે એમનો થાક ઉતરી જતો. શ્રીહરિએ અંતરના હેતથી "આવો દરબાર ! તમે અહીં ક્યાંથી ....." એમ બોલાવી મૂળુખાચરને માન દીધું. અને આ જગતનો શોખીન જીવડો ખૂબ રાજી થઈ ગયો. સભામાં પ્રવેશતાં જ એમણે કાંઈક અલૌકિક સુખનો અનુભવ કર્યો.

મહારાજે વાતવાતમાં દરબારને પોતાની નજીક તાણી લીધા અને દરબારના અંગત જીવનમાં તથા સંસાર વ્યવહારમાં ઝીણવટ પૂર્વક ડોકિયું કરી લીધું. જાણી લીધું કે મૂળુભાને વ્યસનોનું વળગણ છે પણ આત્મા નિર્મળ છે. અંતરમાં મુમુક્ષતા મહાલી રહી છે.બસ આ વ્યસનોની રાખ જો ખંખેરાઈ જાયતો જીવાત્મા સૂરજ સમો ઝળહળતો થઈ જશે ! મહારાજે હવે જીવને મુક્ત કરવાનું બીડું ઝડપ્યું !

"દરબાર તમને સત્સંગી કરવા છે, થશો ? મહારાજે અત્યંત મીઠાશથી પૂછ્યું અને દરબારથી "હા" પડાઈ ગઈ!"

"પ.....ણ દરબાર, પંચવર્તમાન પાળશો ને ?"

"મહારાજ, હું તો હજી નવો નિશાળીયો ગણાઉં. મને વર્તમાનમાં શું ગતાગમ પડે ?"

"તો અમે સમજાવીએ. ચોરી ન કરવી, દારૂ ન પીવો, માંસ ન ખાવું, વ્યભિચાર ન કરવો, પોતે વટલવું નહિ તેમ બીજાને વટલાવવા નહિ. આ પંચવર્તમાન કહેવાય." મહારાજે ચોખવટ કરી.

"ઓ...હો....હો.... આ તો બહુ કહી દીધાં. મારે આમાંથી એકેય દૂષણ નથી. એટલું કે....." મૂળુભા સભા મધ્યે કહેતાં શરમાયા.

"કહી નાખો દરબાર શરમાશો નહિ." મહા પ્રભુએ હૈયાધારણ આપી.

"મહારાજ ! ખોટું નહીં બોલું. દિવસમાં દશેકવાર હોકો પીઉં છું. બહારગામ જઈએ એટલે ડાયરામાં અફીણ લેવું પડે એટલે હોકો જેમ હાથમાં તેમ દાબડી પણ ગજવામાં રાખું છું. અફીણની તાજગી રાખવા તમાકુ પણ ફાકવી પડે છે. બસ, આ ત્રણવાનાં કેમ કરતા છૂટશે નહિ. બાકી તમારાં પંચવર્તમાન શિર સાટે હોં."ભરી સભામાં મૂળુભાએ મહારાજ આગળ અંતર ખોલ્યું, મહારાજ આ ભોળા દિલની વાતથી રાજી થયા. "ભલે દરબાર, એ ત્રણ વાનાં રહ્યાં. અમને ય ક્યાં નડે છે ? એ તો સંત ભેળાં રહેશો એટલે બધું નીકળી જશે." મહારાજે જાણે દરબારનો હાથ ઝાલી એમને હળવાફૂલ બનાવી દીધા.

"હવે આવ્યા છો તો રોકાઈ જાઓ. અમારે તમને ગુજરાતના મહેમાન કરવા છે. અમારી સાથે વડતાલના સમૈયામાં આવો. ખૂબ આનંદ આવશે."

દરબારને થયું કે મહારાજ જે કહેતા-કરતા હોય તે હિતનું જ હોય એટલે તરત જ "હા" ભણી. પણ પછી થયું કે હોકાનું શું ? એ મૂંઝાયા. મહારાજ એમની મૂંઝવણ પારખી ગયા. "ચિંતા ન કરશો, હોકો ય સાથે લઈ લેજો. એ તો સમય આવ્યે એની મેળે છૂટી જશે."

શ્રીહરિની વાણીમાં એક અજબ મોહીની હતી. એ વાણી જીવની ઉર્ધ્વગતિ માટે જ પ્રેરાતી. આ સર્વોપરિ શાહુકાર જાણતા કે જીવ એટલે જીવ. જીવ ભૂંડું જાણે છતાં ભરાઈ જાય છે અને ભલું જાણે છતાં છેટો રહે છે !

મૂળુભા મહારાજની મિલનસાર-વાણીથી નિર્ભય બન્યા હવે હોકો છોડવાની બીક નહોતી.

"મહારાજ ફાગણી પૂનમનો સમૈયો કરવા વડતાલે જઈ રહ્યા છે." એવું જાણી આસપાસના ગામોના સત્સંગીઓ સંઘમાં જોડાયાં. મહારાજની મોહકમૂર્તિ સૌને ગમતી. જ્યાં જ્યાં જાય - આબાલ વૃદ્ધ સૌ દર્શને ઉમટી પડતા. નાના-મોટા, નાત-જાત, રાગ-દ્વેષ આ સર્વે વિવાદ વંટોળ શમી જતા. મહારાજના સંઘમાં જે જોડાય તે વ્યસનો છોડીને આવતા. સંઘમાં ભૂલે ચૂકેય કોઈ વ્યસની આવ્યો કે જાણે આવી બન્યું ! સૌ કોઈ ધૃણાથી જોતાં, એક મહારાજ સિવાય!

મૂળુ ખાચરનું પણ એવું બન્યું. કોઈ એમની સાથે વાત ન કરે. મૂળુભા કંઈ પૂછે ને કહેવું પડે ત્યારે તે વ્યક્તિ માથેથી ફાળિયાનો છેડો નાક આડો કરી લે. આવું સંઘમાં જ નહિ પણ વાટમાં, ઘાટમાં ગામગોંદરે તળાવ પાસે, ઉતારામાં, વાતચીતમાં સર્વ જગ્યાએ આ અણછાજતો આભડ છેટ મૂળુભાને અનુભવવો પડ્યો. આકરો પણ લાગ્યો.

"આ બધા સ્વામિનારાયણના ભગત ખરા પણ પે.... લો હોકો પીએ છે તે ભગત નથી લાગતો."

"મહારાજ તો ચીવટ વાળા છે. કોઈને છીંકણી સરખુંય વ્યસન રહેવા ન દે અને પે...લા દરબાર તો હોકો ય ગગડાવે છે બિંદાસ્ત બનીને - જરૂર સંઘના માણસ નથી લાગતા."

"દરબારને હવે હોકો ભારરૂપ લાગ્યો. મહારાજે મને હેતથી મહેમાન બનાવ્યો છે. અને એક આ હોકો મને કેવી નિર્લ્લજ સ્થિતિમાં મૂકી દે છે ? ધિક્કાર છે આ હોકા ને. એમ આવેગમાં આવી હોકાનો એમણે ઘા કર્યો."

દરબારે જાણે લાંબો શ્વાસ ખેંચી "હાશ" અનુભવી ! સંઘ વડતાલ આવ્યો. ચરોતરના ભાવિક ભક્તજનો સોરઠના નિર્મળ ભક્તોને ભેટી ભેટીને આવકારવા લાગ્યા. ભેટતાં ભેટતાં જ્યારે મૂળુખાચર પાસે આવે ત્યારે બધા મોં દૂર રાખે. જય સ્વામિનારાયણ માંડ બોલે. હરિભક્તોનો આ અણગમો મૂળુભાને ભારરૂપ લાગવા માંડ્યો.

"દરબાર તમે અફીણ ખાતા લાગો છો કેમ? એક ભક્તે ચોખવટ કરી." "હવે તો મહારાજ મળ્યા પછી આવું વ્યસન આપણે રખાય ?" એક ભક્તે સત્સંગીના હિતની વાત દુઃખ લાગે તો પણ કરી.

દરબારનાં પડળ ખૂલી ગયાં. જે બાકી હતું તે આ ભક્તજન દ્વારા મહારાજે પૂરું કરાવ્યું. એ હૈયાની વાત મૂળુભાના દિલમાં વસી ગઈ. "મને તો મહારાજ મળ્યા છે. પછી હવે શું બાકી રહ્યું છે ? મને સર્વ મળી ગયું !" હરિ અને હરિજનોનો કેફ મૂકી ને આ અફીણ તમાકુના ક્ષુલ્લક નશામાં આથડું છું ? ફટ છે મને." એમ કહી દરબારે અફીણની દાબડી અને તમાકુની પડીકી ને ફેંકી દીધા. મૂળુભા હવે અક્ષરશઃ મહારાજમય બની ગયા. જીવને જાણે મુક્તની પંક્તિ પ્રાપ્ત થઈ.


સ્વામી સહજાનંદજી મહારાજની સાથે સંતો હંમેશ હાસ્ય છોળોમાં સ્નાન કરતાં હોય. આખાય સમૈયા દરમ્યાન શ્રીજી મહારાજે મુળુભાની ખૂબ કાળજી લીધી. શ્રીહરિની કરુણા સભર આંખો એમને ખેંચી રાખતી. મહારાજ એમને મહેમાનની જેમ સાચવતા. જમવા બેસે ત્યારે જાતે એમને પીરસતા. ચરોતરના આ ભાવ ભર્યા સમૈયા દરમ્યાન મૂળુભાને ખૂબ ખૂબ જાણવા અને માણવા મળ્યું. હરિ અને હરિજનોના સહવાસથી દરબારનું સમગ્ર જીવન જ બદલાઈ ગયું !

"મહારાજ ! આવી મહેર સૌ પર ઉતરે તો કેવું ? એક ભક્તજને મહારાજને વાત કરી."

"શી મહેર ?" જાણે અજાણ હોય એમ મહારાજે પૂછ્યું.

"અરે મહારાજ ! આ કંભાલાના મૂળુ ખાચર આપના સાથ અને સહવાસથી ઘણું બધું પામ્યા. એમનું

અનુસંધાન પેજ ૧૫ પર



The Bowne mansion is probably the oldest extant building in Weehawken. The original part of the house still stands behind Lauisa Park and belongs to the Shri Swaminarayan Mandir, a Hindu temple. Once the country home of James Brown, owner of the New York banking firm Brown Brothers and Company, it was called Clifton, and the area became known as Clifton Park. His daughter Mary Louisa married Howard Potter, and both lent their names to surrounding streets. After Brown's death, the building was enlarged as the Clifton Chapel of the Grove Reformed Church in 1913. For a time, it was also a Christian Science Church until changing hands in 1978. (Al Berg)

પ્રસ્તુત તસવીર હાલમાં ન્યુયોર્કના પ્રસિધ્ધ અખબારમાં આવેલ આપણા આઈ.એસ.એસ.ઓ.ના અમેરિકાના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનની છે.

બ્રાઉન મેન્સન એ વિહોકનમાં રહેલું સૌથી જૂનું બિલ્ડીંગ છે. મકાનનો ઓરીજનલ ભાગ અત્યારે પણ લુઈસા પાર્કની પાછળના ભાગે આવેલો છે. જે શ્રી સ્વામિનારાયણ મંદિર, હિન્દુ મંદિરની માલિકીનો છે.

બ્રાઉન બ્રધર્સ એન્ડ કંપની નામની ન્યુયોર્કની બેન્કીંગ ફર્મના માલિક જેમ્સ બ્રાઉનનું એક વખતનું કન્ટ્રીહોમએક સમયે ક્લીફટોન તરીકે ઓળખાતું અને તેથી તે વિસ્તાર પણ ક્લીફટોન પાર્ક તરીકે ઓળખાતો.

તેની પુત્રી મેરી લુઈસાએ હાવર્ડ પોટર સાથે લગ્ન કર્યા અને બન્નેએ પોતાના નામો આજુબાજુની શેરીઓને આપ્યા.

બ્રાઉનના અવસાન પછી આ બિલ્ડીંગ ઈ.સ.૧૯૧૩ની સાલમાં ગ્રોવ રીફોર્મ્ડ ચર્ચના ક્લીફટોન ચેપલ તરીકે વિસ્તાર પામ્યું.

ઈ.સ.૧૯૮૬ સુધી તે ક્રીશ્ચન સાયન્સ ચર્ચ તરીકે પણ ઓળખાતું હતું

ચિત્રના બિલ્ડીંગનું વર્ણન

આપેલ ચિત્રમાં સૌથી ઉપરના ભાગમાં ડાબી બાજુની પ્રથમ બે બારીઓ ધર્મકુળના દર્શન માટે આવતા સત્સંગીઓ માટેની છે. ત્રીજી બારીએ રસોડાના ભાગમાંની ત્રીજા માળે છે.

બીજો માળ અથવા બિલ્ડીંગના વચ્ચેના ભાગમાં ડાબી બાજુની પ્રથમ બે બારીઓ એ સંતોના રૂમની છે. ડાબેથી ત્રીજી બારીએ સંતોના રસોડાની બારી છે.

પડશાળના ભાગમાં મંદિરનું મુખ્ય દ્વાર છે. (સંકલન - પંકજ પ્રહલાદભાઈ પટેલ ન્યુજર્સી)

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સંપ જાળવો, સુખી બનો

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન તો કર્યા છે ને ! પ્રભુના એક હાથમાં માળા છે અને બીજો હાથ આશીર્વાદ આપતા હોય તેમ અભય મુદ્રામાં છે. પ્રભુ કહે છે મારા હાથ સામે જુઓ આ પાંચ આંગળીઓમાં મેં સરસ ઉપદેશ સમાવ્યો છે. એ વળી ક્યો ઉપદેશ હાથની આંગળીઓમાંથી પ્રાપ્ત થતો હશે !! તો ચાલો એને સમજીએ.

ભગવાને આ હાથમાં એવો ઉપદેશ આપ્યો છે કે તમારે પુસ્તક વાંચવું ન પડે. આ હાથ સામું જુઓ તો આ ચાર આંગળી અને પાંચમો અંગુઠો છે. આમ લાંબા ટૂંકા શું કામ કર્યા હશે ? ભગવાનને શું એક સરખી સાઈઝ ને સામાન નહિ મળ્યું હોય ? કે એક લાંબુ ને ટુંકું, ને જાડું ને પાતળું, અત્યારે તમે કોઈ વસ્તુ બનાવો તો કેવી અપટુડેટ બનાવો છો એક સરખી. કંઈ જરાય ફેર નહિ. તો ભગવાને આ આંગળીઓને આ અંગુઠા સાવ બેડોળ. અંગુઠાને ક્યાંય લાઈનમાં જગ્યા ન આપી અને આંગળીઓમાં એક સાવ ટુંકી બીજી વળી ઉંચી, ત્રીજી સૌથી ઉંચી ચોથી વળી નીચી અને અંગુઠો તદ્દન કોઈ ઠેકાણાં વગરનો જાડીયો, ઠીંગણો આમ કેમ?

હવે આપણે આ આખીયે વાત, રૂપકની રીતે માણીએ

-

એક દિવસે ચાર આંગળીયો ભેગી થઈ. આ ચાર આંગળીયો પત્ની છે. અંગુઠો એનો પતિ છે. અંગુઠો પુરૂષ વાચી છે. આંગળીઓ નારી વાચી છે. તો પહેલી અંગુઠા પાસેની આ આંગળી બોલી હું બહુ કામની છું. તુ શું કામની છે ? તો કે, "ભૂલ્યા ભટક્યા પંથીજનોને સકલ રાહ બતાવું." કોઈ પૂછે કે ભાઈ આજે આ સત્સંગ થવાનો છે તે સ્થાન ક્યાં આવ્યું. તો એ પહેલી આંગળીથી બતાવાય ને કે ભઈ આમ થઈને વળી જજો ને નીચે ઉતરી જજો. કંઈ અંગુઠાથી બતાવાય છે કે આમ થઈને જજો. આ આંગળી કે શે કે આ કામ હું કરું છું, બોલો હું કેટલી ઉપયોગી છું.

ત્યારે બીજી બોલી વાત તારી સાચી છે. તું બુધાને રસ્તો બતાવતી હોઈશ પણ મારા જેવું તારું કામ નહિ. હું તો એવું કામ કરું છું, તું તો આ દુનિયાના રસ્તા બતાવે પણ હું પરલોકનો રસ્તો બતાવું છું. રામનું નામ લ્યો કે કૃષ્ણનું નામ લ્યો કે માતાજીનું નામ લ્યો. માળા કઈ આંગળી ઉપર ફરે. એ તો મારું કામ છે. મારી ઉપર જ માળા ફરે. હું કામની છું. બે આંગળીએ પોતાની બડાઈ પુરી કરી પછી ત્રીજી બોલી. ઠીક છે તમે બે મોટી બેન જેવી છો એટલે ઝાઝું તો કંઈ ન કહું. પણ અમે કંઈ નકામા તો નથી. હા પણ તમે શું કરો છો ? તિલક ચાંદલો મારાથી થાય છે. ખબર છે ! લલાટે ચાંદલો કરવો હોય ને તો મારાથી જ કરાય. એ વાત સાચી છે. તું શુકનવંતી છે. ચાંદલો તારાથી થાય છે. હવે આ નાની શું બોલે ? એ કે છે કે તમે બધા મોટા મોટા હું નાની. હું નાના માણસને કામ લાગુ છું. ગમે એવો ગરમ શિક્ષક હોય કોઈ છોકરું ઉંચુ ન થાય. પણ એ છોકરું મને ઉંચી કરે તો તરત જ બહાર જવાની રજા મળે છે. એટલે બધા મને કહે છે. હું નાની છું એટલે શોભારૂપ છું. બધા વીંટીઓ કરીને મને પહેરાવે છે. પછી ચારેય ભેગી મળી કે છે આપણે ગમે તે રીતે કામના છીએ. પણ આ ઠીંગુજી અંગુઠો તદ્દન નકામો છે. આડો આવે છે. શોભે નહિ. ક્યાંય બહાર ફરવા ગયા હોય તો જો ને આ કજોડું લાગે છે.

આ સાંભળી અંગુઠો રિસાઈ ગયો. સારું ત્યારે કંઈ નહિ તમે ચારે ગમે તેમ ઘર વ્યવહાર ચલાવો. આપણે છૂટા. અંગુઠો રિસાઈ ગયો અને એમાં પછી લગન ગાળો આવ્યો. જુના જમાનાની આ વાત છે. અત્યારના લગન ગાળામાં તો બધા થાળીઓમાં ચમચી મૂકે છે. એટલે પ્રોબ્લેમ નથી થતો. જુના જમાનામાં લગ્નમાં છુટું ચુરમું પીરસાતું. એના ઉપર ધોબે ધોબે ખાંડ આવે અને પછી ઘડઘડાટ ઘી આવે, અને ચુરમું ચોળે. પછી થાળીમાં ચુરમું ચોળવું હોય, કલ્પના કરજો અંગુઠા વગર કેવી રીતે ચોળાય. ચાર આંગળીઓ થાળીમાં ગરબા રમે હોં. સરખું ચુરમું ન ચોળાય.

બીજી વાત તમને શરદી તો થતી હશે ને નાક

સાફ કરતા હશો ને ક્યારેક અંગુઠા વગર અખતરો કરી જોજો. અરે ગડબડ થઈ જશે. તમારા પોતાના કપડાં બગડશે. અરે એ વાત જવા દો. તમારે પેન પકડીને કંઈક લખવું તો પડતું હશે ને! તો અંગુઠાની મદદ ન હોય તો શું કરો ? અરે એ વાત જવા દો. કોઈના ઉપર ખિજાઈને ધીમેથી જરા ચૂંટલી ભરવી હોય, ખિજાઈને કે પ્રેમથી તોય અંગુઠો મદદમાં આવે. અંગુઠા વગર આંગળીઓને આ બધી તકલીફ પડવા લાગી. તેથી આંગળીઓએ સાથે મળી અરજી કરી. માફી માંગી અમારી ભૂલ થઈ ગઈ. ઘેર પધારો. એટલે પછી અંગુઠો પાછો આવ્યો પણ જરા નીચે બેઠો. તમારે મુશ્કેલી આવશે ને ત્યારે હું મદદ કરીશ.

હવે આપણે મુદ્દા ઉપર આવીએ છીએ. ભગવાને આપણા હાથમાં ઉપદેશ આપ્યો છે જ્યારે મુઠ્ઠી બંધ કરી હોય ત્યાં બાજરીના દાણા જેટલું નાનું અનાજ હોય પણ એને મુઠ્ઠીમાં રાખો તો એક દાણોયે બહાર આવતો નથી. મોટી આંગળી બહાર ફીટ થાય છે. નાની ફીટ થાય છે. અંગુઠો ઉપર ઢાંકણું બની જાય છે. અને આ મુઠ્ઠી છે ને એના બહુ હેતુ છે. કહેવત તો તમને ખ્યાલ હશે. "બાંધી મુઠ્ઠી લાખની" ઘરમાં નાનો હોય કે મોટો પણ બાંધી મુઠ્ઠી લાખની. આ સંપનો ઉપદેશ છે. પછી જ્યારે આપણે એક છીએ એમ બતાવવું હોય ત્યારે પણ મુઠ્ઠી બતાવાય છે. શક્તિનું પ્રદર્શન કરવું હોય ત્યારે પણ મુઠ્ઠી બતાવાય છે. એટલે આ સંપનો ઉપદેશ છે.

આપણી શોભા, આપણું સુખ, આપણું ગૌરવ, આપણી ખાનદાની બધું જ સંપમાં છે. માટે જ સ્વામિનારાયણ ભગવાને પોતાનો એક હસ્ત અભયમુદ્રામાં ઉંચો જ રાખ્યો છે. જો તમે સંપ, સદ્‌ભાવથી જીવશો તો તમારા માથે મારો આ હાથ સદાય છે. તમે ક્યારેય પણ દુઃખી નહી થાઓ. જોયું ને મિત્રો ! ભગવાને હાથની પાંચ આંગળીઓમાં પણ કેવો સુંદર ઉપદેશ મૂક્યો છે !!!

●

સદ્‌ગુણનું મૂળ સત્સંગ છે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

જેમ પાણી વગર છોડ સુકાય તેમ સત્સંગ વગર સંસ્કાર સૂકાય. માટે જ તુલસીદાસજી કહે છે કે,

"બિનુ સત્સંગ વિવેક ન હોઈ, રામકૃપા બિન સુલભ ન સોઈ"

સત્સંગ વગર પોતાની ખામી શોધી શકાતી નથી. પોતાના દોષ જોવાનું જો દર્પણ મેળવવું હોય તો નિત્ય કથાવાર્તા-સંત સમાગમ અચૂક કરવો. કારણ કે કેટલીક ખામીઓ અણસમજણથી મુમુક્ષુ જીવો પોતાની જાતે શોધી શકતા નથી. ત્યારે માન-અભિમાન તથા ગર્વરૂપ દુર્ગુણમાં સત્સંગી હોવા છતાય ફસાય છે. ને અધોગતિને પામે છે.

પોતાનો ધ્યેય મોક્ષરૂપ કલ્યાણના માર્ગમાંથી બીજે રસ્તે ચઢે છે ત્યારે જો સત્સંગનું બળ મળે તો આવા દુર્ગુણોથી રક્ષાને પામે છે. આવા દુર્ગુણો દૂર કરવા આપણાં સંતો એ ઘણી મહેનત કરી છે.

ધિરજાખ્યાનમાં નિષ્કુળાનંદ સ્વામીએ વડ અને ભીંડાની એક સુંદર વાર્તા કહી છે. એક ખેડૂતના ખેતરમાં વડ હતો. આ વડ ખેતરના વિસામાં માટે છત્રરૂપ થઈ પડ્યો. ખેતરમાં ઘણા આંબા હતા. ઘણી રાયણો હતી. પણ આ નાનો સરખો વડલો ખેડૂત માટે ખૂબ જ ઉપયોગી નિવડ્યો. આ વડની વૃદ્ધિ ધીમે ધીમે વધતી હતી. વડનું વૃક્ષ હમેંશા ધીમી ગતિથી વધે. પણ તે વૃક્ષ માટે દીર્ઘાયુષી શબ્દ વપરાય છે. વડનું વૃક્ષ લાંબુ આયુષ્ય ધરાવે છે. પણ તેની ઉચે વધવાની ગતિ કાયમ ધીમી રહેતી. એકવાર અષાઢ-શ્રાવણમાં વરસાદ બહુ પડ્યો. ઋતુ અનુસારનો વરસાદ ધરતીને પોષણ આપી જાય છે. અષાઢ-શ્રાવણ પૂર્ણ થતા જ ભાદરવાની શરૂઆત થાય. ભાદરવો એ ભીંડાની સિઝન કહેવાય. ભાદરવાની શરૂઆત થતાં જ એ વડના વૃક્ષ નીચે એક ભીંડો ઉગી નીકળ્યો. બહુ ઝડપથી મોટા મોટા પાન ફૂટવા લાગ્યા. દરરોજ એક ફૂટ ઉંચો વધવા લાગ્યો. પોતાની ઉંચાઈ વધતા ભીંડાને મનમાં અભિમાન આવ્યું. જુઓ તો ખરા ક્યાં આ વડલોને ક્યાં હું ? હું તો દિવસેને દિવસે એક-એક ફૂટ ઉપરને ઉપર વધવા લાગ્યો છું. વડલાનું તો કાંઈ ઠેકાણું નથી. ખોટો મારી બાજુમાં જગ્યા રોકીને ઉભો છે અને પછી તો ભીંડાએ વડલાને હાંક મારી કહ્યું, અલ્યા એ વડલા એક બાજુ થઈ જા ! તું મને આડો આવે છે. વડ બોલ્યો હું તો સાત વર્ષથી અહીં જ છું. પણ ભીંડો ખિજાયો. હું તને પછાડી નાંખીશ માટે સમજીને જગ્યા કરી દે. મારે ખૂબ ઉંચે વધવું છે. વડ તો સાત વર્ષ જુનું વૃક્ષ હતું. ઘણા તોફાનો જોયા હોય. ઘણા અનુભવોમાંથી પસાર થયા હોય એટલે હસતાં હસતાં વટ વૃક્ષે કહ્યું, ભીંડાભાઈ, આ ભાદરવો મહિનો પૂરો થવા દો પછી

આપણે વિચાર કરીએ. પછી હું તમને જગ્યા આપી દઈશ. પણ ભાદરવો પૂરો થતામાં તો ભીંડાના પાંદડા કરમાઈને નીચે પડી ગયા. જ્યારે વડનું વૃક્ષ તો હજારો વર્ષ સુધી સ્થિર રહેવાનું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

"ભાદે વડ ભીડો તડો વડે, સામો વડથી વધે વશેક,
નિષ્કુળાનંદ કહે નમૂળીયાંની, અંતે ટકે નહિ ટેક."

મૂળ વગરના ભીંડા વડની સામે ક્યાં સુધી ટકે ? તેમ સત્સંગ વગરના અબુધ જીવ ભગવાન તથા મોટા સંતોના ભીડામાં ક્યાં સુધી ટકે ? માટે જેને નિષ્ઠાનું, શ્રદ્ધાનું, ભક્તિનું, ઉપાસનાનું મજબૂત મૂળ ન થયું હોય એવા કહેવાતા ભક્તો માન-અભિમાનમાં ફસાઈ ભાદરવાના ભીંડાની જેમ ઝડપથી પાંદડા કાઢે પણ કાયમી નિષ્ઠાવાળાની સામે ક્યાં સુધી આવી શકે ? નિષ્કુળાનંદ સ્વામીના શબ્દો નસના ઈન્જેકશન જેવા છે. મહેરબાની કરીને ભાદરવાના ભીડાં જેવા ના થશો. વડ જેવા બનજો. સત્સંગના માર્ગે ચાલજો. ભલે ગતિ ધીમી હોય પણ દુર્ગુણો સામે મક્કમતા તો હોવી જ જોઈએ. તો જ સફળતા મળશે. તો જ અક્ષરધામની પ્રાપ્તિ થશે. એવું નિષ્કુળાનંદ સ્વામી કહે છે.

પેજ ૧૧ નું ચાલુ

કલેવર જાણે બદલાઈ ગયું. એમનાં સર્વે વ્યસનો જતાં રહ્યા. આપની મીઠી નજર એ વ્યસનોને જ પી ગઈ ! ભગતે સ્પષ્ટતા કરી."

"ઓહો ! એ કેમ બન્યું ? કેવી રીતે છૂટ્યાં એમનાં વ્યસનો ?" મહારાજે માળાને રમાડતાં રમાડતાં પૂછ્યું.

"એ તો મહારાજ ! મૂળુ ખાચર જ એમને મોઢે કહેશે."

"દરબાર ! આગળ આવો. માંડીને વાત કરો શું બન્યું ? અને મહારાજની સ્નેહ સભર વાણી સાંભળી દરબાર ભાવૂક બન્યા. મહારાજની આજ્ઞા થઈએટલે એમણે નમ્રતાપૂર્વક કહ્યું, "ભાઈઓ ! મહારાજની કેવી કરુણા ! મને ત્રણ ત્રણ વ્યસનો વળગ્યાં હોવાં છતાં એમણે એમ નથી કહ્યું કે, દરબાર, આ છોડી દો તો જ તમને વડતાલના સમૈયામાં સાથે લઈ જઈશું એ તો રસ્તામાં કુસંગીઓનાં મેણાં ટોણાંથી હોકો છૂટ્યો અને પ્રેમી ભક્તજનોના હળવા વેણથી અફીણ અને તમાકું છૂટ્યાં. "મારે તો મહારાજને રાજી કરવા છે."

મહારાજ મૂળુ ખાચરની નિર્દોષ વાત સાંભળી પ્રસન્ન થયા. ઢોલીયા ઉપરથી ઊભા થઈ એમને ભેટી પડ્યા. અને સ્નેહનો વરસાદ વરસાવ્યો. મૂળુભાના રોમે રોમમાં દિવ્ય હર્ષ છવાઈ ગયો. સર્વેજનોએ દરબારને હવે દિવ્યતાથી નિહાળ્યા, નિષ્કલંક જોયા.

વિના ઉપદેશે પોતાની અમી ભરેલી નજરો અને મીઠી વાણીથી માનવ હૈયાને મહેકતાં કરી દેવાનો અજબ કરિશ્મા આ કલ્યાણના કરતલ પાસે હતો. આવા બસો વરસ પહેલાં અનેક મનુષ્યોને નિર્વ્યસની બનાવી જીવનનો સાચો રાહ સમજાવ્યો.

નારાયણ મુનિની અમી ભરેલી નજરૂનાં એ કામણ હતાં! અમી ભરેલી નજરૂં રાખો, નારાયણ મુનિ દેવ રે.....

॥ ઘર આયો ઘનશ્યામ॥

ઘર આયો ઘનશ્યામ,
મોરે ! જીવન ઉધારન શ્યામ.... ઘર....
હે !! મોરે અંતર મન,
આનંદ મંગલ ગાઓ ગાન .... ઘર....
જ્યોત જલે દ્વાર દ્વાર,
ભયો ઉજિયારો ચિત્ત અરુ તન,
રોમરોમ નાચ રહા,
પ્રિય આયે મોરે આંગન .... ઘર....
પ્રાણ પ્યારે, હિયે પધારે,
મિલ ગઈ અમૂલખ ખાન,
ભીતર કી ધરતી ભીગ ગઈ,
બરસી તેરી મધુર મુસ્કાન .... ઘર....
સંપત્તિ સારી સદ્‌ગુરુ મોરે,
પાયો અલૌકિક જ્ઞાન,
જાનુ ના કછુ તુમ-બિના અરુ,
હે !! મોરે કરુણાનિધાન .... ઘર....

- પ્રો. ઝવેરભાઈ પટેલ

શીતલ મોટર્સના ઉદ્‌ઘાટન પ્રસંગે પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ચરણોમાં સમર્પિત (તા. ૩૦-૯-૦૯)

ભક્તિ સુધા

પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી
("ઇન્દ્રિયો ઉપરના સંયમ દ્વારા જ પરમાત્માનું સાચું સુખ")

સંકલન - કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

આપણે રોજ સવારે પૂજા કરવા બેસીએ છીએ ત્યારે આપણી વચ્ચે અને ભગવાન વચ્ચે જે અંતર છે તેમાં વચ્ચે વિચારોરૂપી દિવાલ હોય છે ખરી ? જો આપણે સાચી રીતે સ્વીકાર કરીએ અને શાંતિથી વિચારીએ તો તેનો જવાબ હા માં જ આવે છે. વિચારોની દિવાલ છે. તેના કારણે આપણી અને ભગવાનની વચ્ચે અંતર રહે છે. અત્યારે આ કળિકાળના સંજોગોમાં આપણને એટલા બધા વિચાર આવે છે કે આપણે ભગવાન સાથે એક ક્ષણવાર પણ એકાકાર નથી થઈ શકતા. પરિણામે આપણને પરમાત્માના સાચા સુખની પ્રાપ્તિ નથી થતી. અને આપણે ખૂબ વિચારીએ ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આપણું અંતઃકરણ આપણને હેરાન નથી કરતું પરંતુ આપણી ઈન્દ્રિયો જ આપણને પરેશાન કરે છે. આપણો અંતરાત્મા આપણને ચેતવે છે કે આવું ન કરવું જોઈએ. પરંતુ આપણે ઈન્દ્રિયો ઉપર સંયમ નથી રાખી શકતા પરિણામે આપણે ઈન્દ્રિયોના ગુલાબ બની જઈએ છીએ. દા.ત. આપણો અંતરાત્મા આપણને ચેતવે કે બહારનું ન ખાવું જોઈએ પણ આપણી સ્વાદન્દ્રિય છે તે આપણને સમજાવે છે કે આજનો દિવસ અમુક વાનગી ખાઈ લઈએ પછીથી નહિ ખાઈએ. માટે અંતઃકરણ કરતા ઈન્દ્રિયોને કારણે આપણે તેના ગુલામ બની જઈએ છીએ. જેમ કોઈ માલિક હોય અને તે તેના દાસને કામ સોંપે અને તે દાસ કામ ન કરે અને કહ્યું ન માને તો તે માલિક માલિક મટીને દાસ બની જાય છે. તેમ આપણો જીવાત્મા છે તે સ્થૂળ સુક્ષ્મ અને કારણ શરીરનો માલિક છે. પરંતુ તે મન અને ઈન્દ્રિયો પરનો કંટ્રોલ ગુમાવી દે છે. અર્થાત્ માણસ ઈન્દ્રયોનો ગુલામ બનીને તેને વશ વર્તે છે. ત્યારે સમજી જવું કે તેનો જીવાત્મા માલિક માલિક મટીને ગુલામ બની ગયો છે. ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવાથી પાપનો નાશ થાય છે. પાપનો નાશ થવાથી સરળતાથી ભગવાનમાં પ્રીતિ થાય છે. ભગવાનમાં પ્રીતિ એ મોક્ષ પ્રાપ્તિ માટેનું અનિવાર્ય સાધન છે. આમ ઈન્દ્રિયો ઉપર સંયમ રાખી આપણે જે કાંઈ પૂજા પ્રાર્થના કે કીર્તન-ભક્તિ કરીએ તે માત્ર ને માત્ર પરમાત્માને પ્રસન્ન કરવા માટે જ હોવી જોઈએ. દા.ત. આપણે મંદિરમાં મહારાજ સામે કીર્તન ગાઈએ છીએ ત્યારે આપણા મનમાં એવો ભાવ હોય છે કે આજુબાજુમાં કોઈ મને જુએ છે કે નહિ કે મને કેવું ગાતા આવડે છે. અને હું ગાઉ છું તે સાંભળીને લોકો મારી પ્રશંસા કરશે તેવો ભાવ હોય છે. તો તેવો ભાવ ન હોવો જોઈએ પણ આપણી કીર્તન-ભક્તિ કેવી હોવી જોઈએ તેના અનુસંધાનમાં એક દ્રષ્ટાંત છે. શહેનશાહ અકબરના રાજ્યમાં તાનસેન નામના એક ગાયક કલાકાર હતા અને તે ખૂબ સરસ ગાતા હતા. તેમનું ગાન સાંભળીને અકબરને એમ થયું કે તમને આવું સરસ ગાતા કોણે શિખવાડયુ. ત્યારે તાનસેન કહે છે કે મને મારા ગુરુ હરિદાસે આવું ગાતા શિખવ્યું છે. શહેનશાહ ને તેમને મળવાનું મન થયું. જેથી અકબર અને તાનસેન બન્ને તેમના ગુરુ હરિદાસ પાસે જાય છે. અને જ્યારે તે લોકો ત્યાં પહોંચે છે ત્યારે તેમના ગુરુ હરિદાસ ખૂબજ ભાવથી ગીત ગાઈ રહ્યાં હતા. અને એ ગીત તે જ હતું જે તાનસેને અકબરને સંભળાવ્યું હતું. પરંતુ હરિદાસ જે ગીત ગાઈ રહ્યા તે સાંભળીને અકબરને ખૂબ આનંદ આવ્યો અને તેનાથી વધારે પ્રભાવિત થઈ ગયા. અને તાનસેનને પૂછ્યું કે આ ગીત એજ છે જે ગીત તમે ગાતા હતા પણ હરિદાસ જે ગીત ગાય છે તે સાંભળીને મને દિવ્ય આનંદ મળ્યો તેનું શું કારણ ? ત્યારે તાનસેને જવાબ આપ્યો કે હરિદાસ જે ગીત ગાય છે તે માત્ર ને માત્ર જગદિશ્વરને રાજી કરવા માટે ગાય છે. અને હું જે ગીત ગાતો હતો તે તમને ખુશ કરવા માટે ગાતો હતો. માટે બન્નેના આનંદમાં ફરક છે. તેમ આપણી ભક્તિ છે તે માત્ર અને માત્ર પરમાત્માને પ્રસન્ન કરવા માટે અને નિષ્કામ હોવી જોઈએ. ભગવાન પાસે ક્યારેય કાંઈ માગણી કર્યા વગર નિઃસ્વાર્થ ભાવે ભગવાનની

ભક્તિ કરવી અને ઈચ્છા રહિત થઈને એટલે કે હું ભગવાનની ભક્તિ કરૂં છું તો ભગવાન મારૂ આમ કામ કરી દેશે. મારું આમ કામ થઈ જવું જોઈએ એવી અપેક્ષા રાખ્યા વગર જીવનમાં સુખ આવે કે દુઃખ તેના કર્તા શ્રીજી મહારાજને માનવા અને દુઃખ આવે તો પણ મારા હિતમાં છે. તેમ માની તેનો સ્વીકાર કરવો અને ભગવાન પર ક્યારેય અભાવ ન આવવા દેવો તો જ આપણને પણ તે ભક્તિમાંથી દિવ્ય આનંદની પ્રાપ્તિ થશે. અને પરમાત્માના સાનિધ્યનું સાચું સુખ મળશે.

●

વિજાપુરના વજીબાઈ

- ગીતાબેન લીલાધરભાઈ પિત્રોડા
(જેરાવરનગર)

મહેસાણા જીલ્લામાં વિજાપુર ગામમાં સથવારા જ્ઞાતિના વજીબાઈ સારા સત્સંગી અને નિષ્ઠાવાન હતા. તેમના ઘેર કોઈ પણ સાધુ બાવા આવે તેને ભાવથી ભોજન તથા બધી સગવડતા આપતાં ગમે તેવા ભેખધારી હોય પણ જરાય અભાય આવે નહિ.

એકવાર રામદાસ નામના સાધુ તેમને ત્યાં ગયા અને રહેવા માટે ઉતારો પણ આપ્યો ભીક્ષા આપી અને દશબાર દિવસ તેમના ઘેર રાખ્યાં. સ્વામી કથા-વાર્તા કરતા અને વજીબાઈ સાંભળતા તેમને સત્ય શું અને અસત્ય શું ? તેની ખબર પડી. સત્સંગની વાતો સાંભળીને વજીબાઈ અને તેમના પતિ સત્સંગી થયા. બીજા પંથનો ત્યાગ કરી ભગવાનમાં અતિ હેત થવા લાગ્યું. ક્યારેક ભગવાનના દર્શન થાય. ત્યારબાદ અદ્‌ભુતાનંદ સ્વામી વિજાપુરમાં ગયા અને વજીબાઈના ઘેર ઉતર્યા. તેમણે સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરિ નિશ્ચય કરાવ્યો. હવે વજીબાઈએ તો નક્કી કરી લીધું કે ફેલ-ફતરુ છે કે જંતર-મંતર વાળા સાધુને ઉતારો આપવો નહિ. સાચા સાધુ-સંતને સેવવા અને સ્વામિનારાયણ ભગવાનનો જ સત્સંગ રાખવો. આવી દૃઢ ટેક રાખી ભજન કરવા લાગ્યા.

એકવાર મહારાજને પરીક્ષા લેવાનું મન થયું અને રાત્રે ગઢપુરથી મુળજી બ્રહ્મચારીને સાથે લઈ સાધુનો વેશ ધારણ કરી મહારાજ વિજાપુર પહોંચ્યા. ગામમાં કોઈકને પૂછ્યું કે અહીંયા ઉતારો આપે એવા શ્રધ્ધાળુ સેવક કોણ છે ? સાધુની વાત સાંભળીને તેને કહ્યું કે આ ગામમાં વજીબા ખૂબ ભાવિક છે. તે સંતોને ઉતારા તથા ભોજન પણ આપે છે. પણ હવે સ્વામિનારાયણના સત્સંગી થયા છે. ત્યારથી સાધુ બાવાને ઉતારા આપવાનું બંધ કર્યું છે.

શ્રીહરિ કહે તમે તેનું ઘર તો બતાવો ના પાડશે તો બીજે જઈશું. આમ વજીબાઈનું ઘર બતાવ્યું. શ્રીહરિ તથા બ્રહ્મચારી ઘરના ફળિયામાં ઉભા રહ્યા અને કહેવા લાગ્યા કે દ્વારકાધિશની જય, રામચંદ્રકી જય ! અવાજ સાંભળી વજીબાઈ ઘરની બહાર આવ્યા ને બોલ્યા તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? સાધુના વેશમાં શ્રીહરિ બોલ્યા, "માજી" અમે તીર્થવાસી છીએ. અમે કાશી, રામેશ્વર, જગન્નાથ, બદ્રિનારાયણની જાત્રા કરીને દ્વારિકા જઈએ છીએ. રસ્તામાં તમારુ નામ સાંભળીને રાતવાસો કરવા આવ્યા છીએ. વાત સાંભળી વજીબાઈ છણકો દઈ બોલ્યા અહીંયા નહી બીજે ક્યાંક ગામમાં માગી ખાવ, તમારા જેવા ધૂતારા અને પેટ ભરનારા ઘણાએ આવે છે. પારકું અન્ન ખાઈ-પીને શરીર વધાર્યું છે તેથી જીવાત્માનું શું કામ થયું. તીર્થયાત્રા કરી કરીને મરી જશો પણ તમારું કલ્યાણ ક્યાંય નહિ થાય. જો કલ્યાણની ઈચ્છા હોય તો સ્વામિનારાયણનું ભજન કરો તો કલ્યાણ થશે અને નિયમ ધર્મ પાળો-જન્મમરણના ફેરા પણ ટળશે. મહારાજ વજીબાને કહે છે કે બાઈ ! આમ કેમ બોલો છો ? શાસ્ત્રમાં તીર્થયાત્રાનો મહિમા ખૂબ લખ્યો છે. વજીબાઈએ કહ્યું બાવાજી તીર્થયાત્રાનો મહિમા તો ઘણો છે. પણ યાત્રાના નિયમ ધર્મોનું પાલન કરવું જોઈએ. જો સાચી જ રીતે તીર્થયાત્રામાં નીકળ્યા હો તો ફેલ-વ્યસન કે દેખાવની ભક્તિ ન કરવી જોઈએ. માટે અત્યારે સ્વામિનારાયણ ભગવાને અવતાર ધર્યો છે તો તેમની ભક્તિ કરો તો મોક્ષ મળશે. બાવાજી જોડે જીભા જોડી થવાથી વજીબાઈને ગુસ્સો થયો અને કહ્યું જો સ્વામિનારાયણને સાચા ન માનવા હોય તો અહીંથી ચાલ્યા જાઓ. સ્વામિનારાયણ ભગવાન તો પ્રગટ ભગવાન છે. તે અનંત કોટિ બ્રહ્માંડના કર્તા હર્તા છે માટે જો મારા ભગવાનની નિંદા કરશો તો મેથીપાક (માર) મળશે.

મહારાજ કહે ! ઈ' સ્વામિનારાયણે તો બાબરો

ભૂત વશ કર્યો છે ને જગતને ભરમાવે છે. ઈ'ની પ્રસાદી જે કોઈ ખાય તે ગાંડા થઈ જાય છે. વજીબાઈ તો ગુસ્સે થયા અને કહ્યું કે તું અને તારા ગુરુ પણ ખોટા છો. અહીંથી બીજે ચાલ્યા જાવ. વજીબાઈ અને બાવાજીની જીભાજોડી ચાલતી હતી ત્યાં તો તેમના પતિ ઘરે આવ્યા તેમણે આ બધું જોઈ કહ્યું કે "બાવાજી ! તમે ખોટો હઠાગ્રહ ન કરો અને અહીંથી ચાલ્યા જાવ. વજીબાઈના પતિનો આવો દૃઢ નિશ્ચય જોઈને મહારાજે શાંત હૃદયે કહ્યું કે, "માજી ! હવે અમે કંઈ નહીં બોલીએ એક ખૂણામાં પડ્યા રહીશું. અત્યારે રાત્રે અમે ક્યાં જઈએ. માટે આજની રાત અહીં રહેવા દો. વજીબાઈને દયા આવી અને ઓસરીના ખૂણામાં જગ્યા કરી આપી. મહારાજને બ્રહ્મચારી એક ખૂણામાં સૂતા છે ત્યાં તો વજીબાઈ કહે છે જો બાવાજી અમે તો સ્વામિનારાયણના સત્સંગી છીએ માટે ચલમકે બીડી પીવી નહિ. જો દેખશું તો તમારો લબાચો બહાર ફેંકી દેશું. બાવાજી કહે મારે અને મારા ગુરુને કંઈ વ્યસન નથી. પણ ભૂખ લાગી છે. જો કાંઈ ભોજન હોય તો આપો. ત્યારે વજીબાઈએ કહ્યું અત્યારે ભોજન ક્યાંથી હોય ? ત્યારે બાવાજી બોલ્યા કે તમારા ઓરડામાં શીક્યામાં ડબ્બાની અંદર અઢાર લાડું છે. તે અમને આપો. ત્યાં તો વજીબાઈ વિચારમાં પડી ગયા કે આ મગજના લાડું તો મેં ભગવાન માટે મૂક્યા છે તે બાવાને ક્યાંથી ખબર પડી ! જેથી તેમણે લાડું ગણી જોયા તો અઢાર જ લાડુ થયા. પછી વજીબાઈને દયા આવીને લાડું જમવા આપ્યા. ગુરુ ચેલા લાડું જમીને સૂઈ ગયા. ત્યાં બાવાજી વજીબાઈને કહેવા લાગ્યા કે આ જમીન ઉપર કાંકરા ખૂંચે છે માટે જો પલંગ જેવું કંઈ હોય તો આપોને ? ત્યાં તો વજીબાઈ કહે મારા ઘરમાં પલંગ જેવું ક્યાંય છે ? હું ક્યાંથી પલંગ આપું ? જો પલંગમાં સૂવુ હોય તો સંસારી થઈ જાવ. અંતર્યામીથી અજાણું શું હોય ? મહારાજ કહે ઓરડામાં પલંગ પડ્યો છે તે પલંગ અને પાથરવા ગોદડું આપો. ત્યારે વજીબાઈ કહે એ ગોદડું ક્યાંથી આપું ? શા માટે મને હેરાન કરો છો. પહેલા તો કહેતા હતા ને કે અમારે કંઈ નહિ જોઈએ અને હવે તો ગોદડું માંગો છો. જે ગોદડા હતા તે અમે પાથરી દીધા છે હવે ગોદડા નથી. અંતર્યામી પ્રભુએ કહ્યું કે ઓરડામાં પટારામાં નવી જે રજાઈ અને ઓશીકું છે તે આપો. ત્યારે વજીબાઈએ કહ્યું કે આ તો સ્વામિનારાયણ ભગવાન માટે છે. સ્વામિનારાયણ ભગવાન એક જ સત્ય બીજું અસત્ય. વજીબાઈ નિષ્ઠામાંથી ડગે તેમન હતા પણ મહારાજની આશ્ચર્યની વાતો સાંભળી વજીબાએ પાથરવા માટે રજાઈ આપી અને પોતે બારણું બંધ કરી ઘરમાં જઈને સૂઈ ગયા.

વજીબાઈના ફળિયામાં એક બાજુ કૂવો હતો તેની પાસે તુલસી ક્યારો અને પીપળાનું વૃક્ષ હતું. વિસનગરના સૂબાએ વજીબાઈને કહ્યું હતું કે સ્વામિનારાયણની કંઠી કાઢી નાખ અને જો તારા ભગવાન સાચા હોય તો આ તુલસી ક્યારો અને પીપળો પાંચ હાથ છેટા કરી આપે. આમ નહિ કરે તો તારું માથું ઉડાવી દઈશ. સૂબાનું વચન સાંભળી વજીબાઈ હિંમતથી બોલ્યા કે મારા સ્વામિનારાયણ ભગવાન પ્રગટ છે સત્ય છે. તેમની કંઠી તો આ જન્મે નહિ જ નીકળે. વજીબાઈની નિષ્ઠા જોઈને સૂબો પણ વિચારમાં પડી ગયો અને કહેતો કે હું ઘણા ગામડાં ફર્યો સ્વામિનારાયણના ઘણા ભક્તો જોયા પણ વજીબાઈ જેવા નહિ.

સૂબા થકી વજીબાઈની પરીક્ષા લેવા પ્રભુએ અડધી રાત્રે પોતાના ચરણ લાંબા કર્યા અને પીપળાનું વૃક્ષ અને તુલસી ક્યારો પાંચ હાથ છેટે કરી દીધા ! પછી પ્રાતઃકાળમાં વહેલા ઉઠી શ્રીહરિ વિસનગરથી ચાલી નીકળ્યા. અને ગઢપુર પધાર્યા.

હવે એકવાર ગઢપુરમાં સમૈયો ભરાણો હતો. ત્યારે વજીબાઈ મહારાજના દર્શન કરવા આવ્યા હતા. ભીડ ખૂબ હતી. છેટે ઉભા રહ્યા ત્યારે મહારાજે પોતાની પાસે બોલાવ્યા. વજીબા ભગવાનને પગે લાગી ચરણની પૂજા કરે છે. ત્યારે હરિવર બોલ્યા કે "બાઈ, જે ચરણ અડધી રાત્રે પીપળે અડ્યા હતા તે આ ચરણ છે. વાત યાદ આવતા વજીબાઈ તો શરમાઈ ગયા અને ક્ષમા માંગી પ્રણામ કરી દિલગીર થઈને કહેવા લાગ્યા મહારાજ અજ્ઞાનતામાં હું આપને જેમ તેમ બોલી આપને હું ઓળખી શકી નહીં. માટે મને ક્ષમા કરો.

પછી તો મહારાજે વજીબાઈની નિષ્ઠાના વખાણ કર્યા. આમ વજીબાઈના અડગ નિશ્ચયની વાત કરી. પછી શ્રીહરિએ કહ્યું છે કે,"

"ધન્ય ધન્ય એનો સત્સંગ,
ધન્ય અડગ નિશ્ચય અંગ,
કરી પરીક્ષા શ્રી પરમેશ,
તોય નિશ્ચય ડગ્યો ન લેશ,
વજીબાઈનું ચરિત્ર જે ગાશે,
તેને અડગ નિશ્ચય થાશે,
થાશે પ્રભુમાં પ્રીત અભંગ,
શિર સાટે થાશે સત્સંગ."

●

પૂંજાજીનો પ્રાણ રુંધાયો

- પટેલ દિપાલી ભરતભાઈ (સોજા)

પ્રાણવી ગામના ભક્ત પુંજાજી ડોડિયા શ્રીહરિના અનન્ય ભક્ત હતા. સચ્ચિદાનંદ સ્વામી માફક એકાત્મક ભાવથી શ્રીહરિ સાથે જોડાયેલા તેથી શ્રીહરિના સ્વધામગમનના સમાચાર સાંભળતાં જ આંચકો લાગ્યો. શરીર ખેંચાવા લાગ્યું. સંબંધીઓ ભેગાં થઈ ગયા. ખૂબજ આશ્વાસન આપે છે. પણ કાંઈ કળ વળતી નથી. ગળું તથા અન્નનળી થીજી ગયાં. તેથી અન્ન પાણી ગળે ઉતરતા નથી.

તેમના ધર્મ પત્નિએ વિચાર્યું કે શ્રીજીના સ્વધામગમનના માઠા સમાચાર સાંભળતા જ આંચકો લાગ્યો અને સ્નાયુઓ સંકોચાઈ ગયા છે. તેથી જો ગોપાળાનંદ સ્વામી પાસે લઈ જઈએ તો સ્વામીની કૃપાદૃષ્ટિથી કદાચ ગળું ખુલી જાય. તેથી તેમના પત્નિ પૂંજાજીને લઈને ગઢડા આવ્યા.

ગોપાળાનંદ સ્વામીને બનેલી વિગતથી વાકેફ કર્યા. સ્વામીએ ભક્તને યાદ દેવડાવ્યું કે શ્રીહરિએ કહ્યું હતું કે મારી પાછળ કોઈએ પણ આત્મહત્યા કરવી નહિ. જો કરશે તો ગુરુદ્રોહી અને વચન દ્રોહી કહેવાશે અને તે અક્ષરધામનો અધિકારી રહશે નહિ. તેથી ભક્તરાજ થોડું જમો. શ્રીહરિની ગેરહાજરી તો અમને પણ અસહ્ય લાગે છે. પરંતુ અમારે પણ એમની આજ્ઞાથી દેહ રાખવો પડે છે.

પૂંજાજી કહેવા લાગ્યા સ્વામી ! મેં અન્નજળ છોડ્યાં નથી, પણ છૂટી ગયા છે. તેથી પ્રયત્ન કરવા છતાં અન્નજળ લઈ શકાતો નથી. શ્રીહરિની આજ્ઞા લોપવાનો મારો ઈરાદો નથી. હું સમજું છું કે તેથી પ્રભુ નારાજ થશે.

રાત્રિના સમયે પૂંજાજી ધ્યાનમાં બેઠા. લગભગ બાર વાગ્યાના સુમારે ઓરડો પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. પૂંજાજી ધ્યાનમાંથી જાગી ગયા. શ્રીહરિએ તેમના મસ્તક ઉપર હાથ મૂક્યો અને પૂછ્યું ભક્ત ! બહુ તકલીફ પડે છે ? પૂંજાજી એ કહ્યું હા, મહારાજ. શ્રીહરિએ પૂછ્યું, તો ધામમાં આવવું છે ? પૂંજાજીએ કહ્યું હા, મહારાજ ! કારણ કે આપના વિરહની વેદના અસહ્ય પડી છે. તેથી મહારાજ તેમને ધામમાં તેડી ગયા.

●

કળિયુગમાં પરચા જામનગરના જવેરબાઈ

- ગાંગાણી જશુબેન દયાલજીભાઈ (નવાવાડજ)

આ જવેરબાઈ કચ્છમાં બ્રાહ્મણ ને ઘરે જન્મ ધરી મોટા થયા અને જામનગરમાં તેમનું સાસરું. જવેરબાઈ પોતાના સાસરીયામાં એકલા ભગવાન સ્વામિનારાયણનું ભજન કરતાં. પૂર્વના કર્મ અનુસારે જવેરબાઈને આંખમાં જામરવા થયો. અને આંખે આંધળા થયા. જવેરબાઈ ભક્તિવાન અને નિષ્ઠાવાન પણ હતા. જવેરબાઈને છેડા વ્રત હતું. કોઈ બીજા પુરુષને અડવું નહીં. હવે તો જવેરબાઈને આંખમાં બહુ પીડા થતી. એટલે જવેરબાઈએ દૂરથી ડોકટરને આંખ બતાવી. ડોકટર કહે જવેરબાઈ તમારી આંખ તો ખોટી થઈ ગઈ છે. તમારી બંન્ને આંખનું ઓપરેશન કરાવવું પડશે. જવેરબાઈ ને છેડા વ્રત હતું તેથી મહારાજને પ્રાર્થના કરી કે "હે મહારાજ છેડા વ્રત છૂટે નહીં તેવી આજ લાજ રાખો. શ્રીહરિ, સ્વામિનારાયણ સત્ય છે." પોષ સુદ એકાદશી હતી. જવેરબાઈ મંદિરે ગયા ને મહારાજને પ્રાર્થના કરી કે હે મહારાજ મારા છેડા વ્રતની લાજ રાખજો. ભગવાન ને પ્રાર્થના કરતાં-કરતાં પ્રદક્ષિણા કરે છે. જુઓ તો ખરા ભક્ત જનો કે મહારાજ કેવા દયાળું છે ! ભક્ત માટે કેવા સ્વરૂપ ધારણ કરે છે. જવેરબાઈની પ્રાર્થના સાંભળીને મહારાજે વનિતાનું રૂપ કેતા સ્ત્રીનું રૂપ ધારણ કરી અને જવેરબાઈની જોડે મંદિરમાં પ્રદક્ષિણા ફર્યા. અને મહારાજે જવેરબાઈનો હાથ પકડી માથે હાથ મૂકી જવેરબાઈની આંખમાં એક એક ટીપું નાખ્યું. અને જવેરબાઈની સર્વે

પીડા મહારાજે હરિ લીધી અને મહારાજ અદૃશ્ય થયા. જુઓ તો ખરા ભક્તો ! મહારાજ પ્રેમી ભક્તો માટે શું નથી કરતા. મહારાજે પોતાના ભક્તો માટે અનંત રૂપ ધારણ કર્યા છે. આપણે પણ ભગવાનને પ્રાર્થના કરીએ કે હે મહારાજ ! અમને જવેરબાઈ જેવી ભક્તિ આપો.

●

બે સ્વરૂપે ઘનશ્યામ!

- તારલાબેન અતુલભાઈ પોથીવાલા
(મેમનગર-અમદાવાદ)

દિવાળીના દિવસો આવ્યા. ધર્મપિતા અને ભક્તિમાતા એ ધનતેરસના દિવસથી અન્નકૂટના ઉત્સવની તૈયારી શરૂ કરી દીધી. ઘરમાં ઠાકોરજીને ધરાવવા માટે જુદાં જુદાં થાળ તૈયાર કરવા લાગ્યા. લાડુ, જલેબી, મૈસૂર, મોહનથાળ, મગસ, બરફી, સાટા, ઘેબર, પેંડા વગેરે મીઠાઈઓ થાળ ભરી ભરીને બનાવી. સેવ, ચેવડો, ફાફડા, મઠિયા, સુંવાળી, ચોળાફળી, ઘૂઘરાં એવા કેટલાંય ફરસાણ બનાવ્યાં.

દિવાળીના દિવસે વહેલી સવારથી ભક્તિમાતા સુવાસિની ભાભી તથા ગામની બીજી સ્ત્રીઓ ધર્મપિતાને ઘેર આવીને રસોઈ કરવા લાગી.

ભક્તિમાતાએ દુધપાક, શીખંડ, બાસુંદી, શીરો, બીરંજ વગેરે બનાવ્યાં. સુવાસિની ભાભીએ ઢોકળાં, પાતરાં, ખમણ, વડા, ભજિયાં, કચોરી વગેરે તમતમતાં ફરસાણ બનાવ્યાં. કોઈએ જાતજાતના શાક બનાવ્યાં, તો કોઈએ જુદાં જુદાં કઠોળ બનાવ્યાં. કોઈએ પૂરી, પકોડી, ખાજા બનાવ્યાં તો કોઈએ દાળ, ભાત, કઢી, ખીચડી વગેરે બનાવ્યાં. અનેકવિધ વ્યંજનોનો રસથાળ તૈયાર થઈ ગયો ! મોટાભાઈ રામપ્રતાપજી વાડીમાંથી ચીકુ, દાડમ, ફણસ, દ્રાક્ષ, શેરડી, કેળાં, નારંગી, કાજુ વગેરે તાજાં ફળો લઈ આવ્યાં.

આ બાજુ રૂપકડા ઘનશ્યામઠાકોરજીની ઓરડીમાં ધર્મપિતાની સાથે ભગવાનને શણગાર કરવા લાગ્યાં. ઠાકોરજીને સુંદર પોશાક પહેરાવ્યાં. આભૂષણો ધરાવ્યાં. ચારેય કોર તોરણ બાંધ્યા. દીપમાળા ગોઠવી. એમકરતાં અગિયાર વાગ્યા એટલે ઠાકોરજી સમક્ષ બધા થાળ ગોઠવવા શરૂ કર્યા. બાર વાગતાં સુધીમાં તો ઠાકોરજી આગળ અનેક વિધ મીઠાઈઓ, ફરસાણ, શાક, કઠોળ, વિવિધ તાજી રસોઈ અને ફળો પણ ગોઠવાઈ ગયાં. પાનબીડાં પણ ધરાવ્યાં. ચાંદીના લોટામાં પાણી ધરાવી સૌ ભગવાનની મૂર્તિ આગળ બેસી ગયા. અને સુંદર થાળ ગાયો. ત્યાર પછી ધર્મદેવે આરતી પ્રગટાવી. આરતી શરૂ કરી. આખા ગામના લોકો ધર્મપિતાને આંગણે આવા અદ્‌ભુત અન્નકૂટ ઉત્સવનાં દર્શન કરવાને વાસ્તે દોડી આવ્યા.

જાણે આખુંય છપૈયા ધર્મદેવનાં આંગણે મૂર્તિમંત ખડું થઈ ગયું ! આ બાજું સુંદર ભાવવાહી આરતી ગવાતી હતી અને ત્યાં જ ચમત્કાર થયો ! બધા ઘડીકમાં ધર્મપિતા આગળ જુએ તો ઘડીકમાં ઠાકોરજી આગળ જુએ. સૌને ઠાકોરજીની બાજુમાં મનોહર ઘનશ્યામ ઊભેલા દેખાય અને સાથે સાથે ધર્મપિતાની બાજુમાં જ તેમની સાથે આરતી ઉતારતા પણ ઘનશ્યામ દેખાય. બધાને આરતી પૂરી થઈ ત્યાં સુધી ઘનશ્યામનાં બે સ્વરૂપે દર્શન થતાં રહ્યાં ! સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. સૌને ખાતરી થઈ કે આપણા ઠાકોરજી, આપણા ભગવાન એ આ જ શ્રી ઘનશ્યામ મહારાજ છે !

ધર્મદેવતો આ આશ્ચર્ય નિહાળી સમજી જ ગયા કે શ્રી ઘનશ્યામજ મોટા ભગવાન છે. તેમણે તરત જ એક મોટો થાળ મંગાવ્યો. તેમાં અન્નકૂટની બધી જ વાનગીઓ મૂકી ઘનશ્યામને જમવા આપી. ઘનશ્યામપ્રભુએ નાના ભાઈ ઈચ્છારામજીને બોલાવ્યા અને બંને ત્યાં ઠાકોરજીની સામે જ થાળ જમવા લાગ્યા. સૌને આવા અદ્‌ભૂત અન્નકૂટ આરોગતા શ્રીહરિનાં દર્શનથી અતિશય આનંદ થયો. બપોરે બે વાગ્યા સુધી સૌએ અન્નકૂટ-દર્શન કર્યા. પછી ઘનશ્યામમહારાજે બધા જ ગ્રામજનોને પોતાના હાથે જ અન્નકૂટની પ્રસાદી આપી.

ભગવાનને ધરાવેલી પ્રસાદી ભગવાને સ્વયં આપી છે એમમાની સૌ આનંદથી હરખાતાં હરખાતાં પ્રસાદ લઈ ઘેર ગયા.

આજે છપૈયા પુરનાં સૌ ગ્રામજનોએ શુભ દીપાવલીનાં સપરમાં દિવસોએ પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કર્યા.

.....પ્રશ્નપેટી.....

પ્ર. : ૧ "પોતાના આશ્રિત જે સત્સંગી તેમણે અધિકાર પ્રમાણે પોત પોતાના ધર્મને વિષે રાખવા અને સાધુને આદર થકી માનવા તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો." - શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના કેટલામાં શ્લોકમાં કહ્યું છે ?

પ્ર. : ૨ "અમે અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરવા ગયા હતા ત્યારે હજારો માણસોનો મેળો ભરાયો હતો. અમારા અંતરમાં એક ભગવાન નરનારાયણ વિના બીજું કાંઈ ગમ્યું નહી." - શ્રીજી મહારાજે સ્વમુખે ક્યા વચનામૃતમાં કહ્યું છે ?

પ્ર. : ૩ "શ્રી હરિસંભવ મહાકાવ્ય" નામનો સંસ્કૃતનો વિશાળ ગ્રંથ કોના દ્વારા લખાયેલો છે ?

પ્ર. : ૪ શાસ્ત્રમાં અષ્ટસિધ્ધિ અને નવનિધિની વાત આવે છે. તે નવ નિધિના નામ જણાવો.

પ્ર. : ૫ ગામ વસોના ગીરધરભાઈ પાટીદાર ગઢપુર મહારાજના દર્શન માટે આવ્યા. તેઓએ દંડવત પ્રણામ કરી પગે લાગ્યા. ગીંરધરભાઈ કેવા સંકલ્પથી ગઢપુર આવ્યા હતા ?

પ્ર. : ૬ ઈચ્છારામજી મહારાજે દેહત્યાગ કર્યો અને શ્રીજી મહારાજ દેન દેવા પધાર્યા. તે વખતે મહારાજે બ્રહ્માનંદ સ્વામીને કયું કીર્તન બોલવાનું કહ્યું ?

પ્ર. : ૭ "સત્સંગી આપો સૌ નામનું, નામનું નામનું નામનું રે..... સત્સંગી આપો સૌ નામનું, ભાતું એ અક્ષરધામનું રે....." આ સુંદર કીર્તનના રચયિતા કોણ છે ?

જુલાઈ-૨૦૦૯ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો

(૧) વ.મ.પ્ર. પ્રકરણ ૩૦ મું. **(૨)** જા તારો સત્સંગીને ઘરે જન્મથશે, બિલાડીને પણ પાણી છાંટ્યું. તારો પણ સત્સંગીને ઘરે જન્મ થશે, બિલાડી મર્યા પછી કંદોઈને ઘેર દીકરી થઈ, ઉંદર પુરુષોત્તમભટ્ટને ત્યાં જન્મ્યો. આ મહાન સંત સ.ગુ. ગોપાળાનંદ સ્વામી હતા. (વચનવિધિ). **(૩)** "સંતજન સોય સદાસોય ભાવે" આ પદમાં વર્ણવ્યા છે. આ વાત સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ વર્ણવી છે. **(૪)** (૧) લોટો (૨) પ્યાલો (૩) તરભાણું (૪) આચમની (૫) અર્ધ્યપાત્ર. **(૫)** (૧) ભક્ષ્ય (૨) ભોજન (૩) લેહ્ય (૪) ચોસ્ય. **(૬)** "જે પુત્રને તાત નહીં ભણાવે, બાળપણે લાડ ઘણા લડાવે....." "તે પુત્રનો શત્રુ પિતા ગણાય. જુવાન થતાં સુતને જણાય." **(૭)** સ.ગુ. મુક્તાનંદ સ્વામી

૧. કંચનબેન બાબુભાઈ પટેલ - રતનપર
૨. સાંખ્યયોગી ઉષાબા, શિલ્પાબા - સુરેન્દ્રનગર
૩. સાકરબેન નટવરભાઈ પટેલ - નાંદોલ
૪. અંજનાબેન મનુભાઈ પટેલ - નાંદોલ
૫. શારદાબેન કાંતિભાઈ પટેલ - નાંદોલ
૬. કૈલાસબેન વિષ્ણુભાઈ પટેલ - નાંદોલ
૭. મેઘાબેન કમલેશકુમાર પટેલ - કુહા
૮. હસુબેન કે. ઠક્કર - ઈસનપુર
૯. સાં.યો. ભારતીબા, મંજુબા - સ્વા. હવેલી અમદાવાદ
૧૦. વિણાબેન આર. ભાવસાર - નવરંગપુરા
૧૧. અરવિંદાબેન એન. ભાવસાર - ચાંદલોડીયા
૧૨. ગંગાબેન ભક્તિભાઈ પટેલ - ઝુલાસણ
૧૩. ભક્તિભાઈ ભોળાભાઈ - રાણીપ
૧૪. જ્યોત્સનાબેન રાજુભાઈ પટેલ - આનંદપુરા (કડી)
૧૫. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ
૧૬. પટેલ ગોરધનભાઈ શંકરદાસ - સોજા
૧૭. અમૃતલાલ કે. મોદી - સોજા
૧૮. માણકેબન મણીલાલ પટેલ - દહેગામ
૧૯. પટેલ શિલ્પા મણીલાલ - દહેગામ
૨૦. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ - સીતાપુર
૨૧. વિનોદભાઈ પી. પટેલ - વહેલાલવાળા

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી ગણપતિજીનો વરઘોડો સમૈયો ભવ્યતાથી ઉજવાયો

શ્રીહરિ સમકાલિન સંપ્રદાયમાં પરંપરાગત સમૈયાનું સુંદર આયોજન આપણા મંદિરોમાં આજે પણ એટલા જ ધામધૂમથી થાય છે. ગત ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં બપોરે ૧-૦૦ કલાકે આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં મંદિરમાં ઠાકોરજીની પૂજન વિધિ કરીને વિશાળ સંત-હરિભક્તોના સમુદાય સાથે શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ ઓચ્છવ કરતા પરંપરાગત રૂટ પર શ્રી ગણપતિનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. બપોરે નારણઘાટ સાબરમતીના પવિત્ર જળમાં શ્રી ગણપતિનું ધામધૂમથી વિસર્જન પૂજન આરતી કરી રાત્રે ૭-૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે સંત-હરિભક્તો ઓરિએન્ટલ બિલ્ડીંગ થઈ ધૂન-ભજન કીર્તનની રમઝટ કરતા કાલુપુર મંદિર આવી વિરામ પામ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતે સુંદર આયોજન કર્યું હતું. (કોઠારી જે. કે. સ્વામી)

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીનું અમેરિકામાં સત્સંગ અર્થે વિચરણ

દેશ અને વિદેશમાં શ્રી નરનારાયણદેવ ગાદીના અનેક મંદિરો છે. જ્યાં આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અને અ.સૌ. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી રાત દિવસ હરિભક્તોના સુખ ને કાજે સત્સંગની અવિરત પ્રવૃત્તિ કરે છે. છેલ્લા મે-૦૯ થી સપ્ટે.-૦૯ દરમ્યાન પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી અમેરિકા પધાર્યા હતા. જ્યાં તેઓશ્રીએ નીચેના આપણા મંદિર અને આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાં પધારીને બહેનોને અલૌકિક દર્શન આશીર્વાદનું સુખ આપ્યું હતું. જેમાં ૨૨ થી ૨૪ જુલાઈ બોસ્ટન આપણા મંદિરમાં અને શ્રી રેખાબેનને ત્યાં પધાર્યા હતા. જ્યાં અનેક બેહનોને સતત ત્રણ દિવસ કથા-વાર્તા અને રૂડા આશીર્વાદ આપ્યા હતા.

૨૫ થી ૨૬ જુલાઈ : ન્યુયોર્કમાં પ.ભ. જયાબેનને ત્યાં ઉતારો હતો. જ્યાં મોટી સંખ્યામાં બહેનોને શ્રીહરિનું ભજન-સ્મરણ અને કથા-કીર્તન અને આશીર્વાદનું સુખ પ્રાપ્ત કર્યું હતું.

૧ થી ૩ ઓગસ્ટ દરમ્યાન : આપણા બોસ્ટન મંદિરના પાટોત્સવ પ્રસંગે પધાર્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક ષોડશોપચાર પૂર્વક ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે બહેનોને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં ભગવાનનું વિશેષ ભજન કીર્તન અને શ્રીજી મહારાજની સર્વોપરિ નિષ્ઠા ઉપાસનાનું બળ મળ્યું. ૪ થી ૯ ઓગસ્ટના શિકાગો આપણા મંદિરમાં દર્શનાર્થે પધાર્યા અને પ.ભ. નૈનાબેનને ત્યાં સતત પાંચ દિવસ સત્સંગી બહેનોને અઢળક સુખ આપીને રૂડા આશીર્વાદ આપ્યા.

૯ થી ૧૬ ઓગસ્ટ આપણા લોસ એંજલસના મંદિરમાં નિત્યે સવાર અને સાંજે સંતોની કથા વાર્તા અને બહેનો સાથે સત્સંગની સુંદર ગોષ્ઠિ અને સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મહિમા સહિત માહાત્મ્યનું જ્ઞાન પીરસતા અને ઘણા નવા મુમુક્ષુઓ બહેનો પ.પૂ. ગાદીવાળાશ્રી થકી સત્સંગી થયા. બહેનોને એક અઠવાડીયું સતત ભગવાન મય રહ્યું. ૧૭ થી ૨૩ ઓગસ્ટના **UTAH** ચેપ્ટરમાં ભાવનાબેન ઈશ્વરભાઈ, શર્મિલાબેન ભરતભાઈ, મનીષા ભાવેશભાઈ, શારદાબેન મુળજીભાઈ, કાંતાબેન અને મંજુબેન અને અન્ય ઘણા બહનોને ત્યાં સત્સંગ સભા યોજીને આ વિસ્તારમાં મૂળ સંપ્રદાયની ઓળખ અને નવા મુમુક્ષુઓને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને કથા વાર્તાનું મહા સુખ આપીને બહેનોને અતિ રાજી કર્યા હતા. આમ વિદેશમાં અમેરિકામાં સતત સત્સંગ વિચરણ કરીને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોને સર્વોપરિ શ્રીહરિનું ભજન-સ્મરણ અને કથાવાર્તા અને દર્શન આશીર્વાદનું સુખ આપી ન્યુજર્સી પધાર્યા હતા. (લીલાબેન પટેલ)

વડનગર

સુપ્રસિદ્ધ ઉત્તર ગુજરાતની ઐતિહાસિક અને પૌરાણિક નગરી વડનગરના શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણમંદિરમાંથી ભાદરવા સુદ-૧૧

જળઝીલણી એકાદશીના રોજ સવારે ૧૦-૦૦ વાગે શ્રી ઠાકોરજીનો વરઘોડો બેન્ડવાજા, ઉત્સવ મંડળી અને ભક્તજનોની મોટી સંખ્યા સાથે સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથે નીકળી નગરના માતોર, અટારો, ભાવસાર ઓળ, કાપડબજાર, બારોટી બજાર જેવા રાજમાર્ગો ઉપર આવતા હરિભક્તોના ઘેર ઘેર પધરામણી કરી સાંજે ૬-૦૦ વાગે પ્રસાદીના નાગધરે પહોંચી ત્યાં શ્રી ઠાકોરજીને સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી તથા પૂજારી શાસ્ત્રી અભિષેકપ્રસાદદાસજી સ્વામીએ નાગધરા સરોવરમાં જળક્રીડા કરાવી સ્નાનવિધિ કરાવી હતી. આ પ્રસંગે હરિભક્તોની ભીડ જામી હતી. શ્રીહરિકૃષ્ણ મહારાજની જળક્રીડા બાદ પ.ભ. ભાવસાર દિલીપભાઈ છનાલાલ અને પ.ભ. ભાવસાર અતુલભાઈ છનાલાલ પરિવારે આરતી ઉતારી અલભ્ય લાભ લીધો હતો. ઉત્સવની સાથે સાથે પ્રસાદીની જગ્યામાં ઓચ્છવ અને કીર્તન ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ છેલ્લે ભક્તજનોને કાકડીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. (શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, વડનગર)

ઝુંડાલ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલમાં ચાતુર્માસની કથા કરવા વડનગરના શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજીના શિષ્ય શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજી પધારેલ, જેઓ દરરોજ રાત્રે "શ્રી હરિ ઐશ્વર્ય દર્શન"ની કથામૃતનું રસપાન ભાદરવા વદ-૧ થી ભાદરવા વદ-૩૦ સુધી કરાવી હરિભક્તોને કથાવાર્તાનો અલભ્ય લાભ આપ્યો હતો. આ પ્રસંગે શ્રીનરનારાયણદેવ યુવક મંડળ ઝુંડાલના તમામ સભ્યો (યુવાનો) એ કથામૃતનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી. સાથે સ.ગુ. સ્વામી હરિપ્રકાશદાસજીએ શ્રી ઠાકોરજીના થાળ બનાવી શ્રીહરિને જમાડી હરિભક્તોનો ભાવ પૂર્ણ કર્યો હતો. (પ.ભ. હિતેષ પટેલ ન.ના.દેવ યુવક મંડળ ઝુંડાલ)

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા ખાતે શ્રીહરિએ જ્યાં શહેર ચોર્યાસી કરી હતી તથા આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બાળ સ્વરૂપ કષ્ટભંજનદેવ પધરાવ્યા છે તેવા પાવન પવિત્ર સ્થળે શ્રાવણ માસમાં આપણા પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે મહારુદ્ર યજ્ઞની પૂર્ણાહુતિ તથા સિધ્ધેશ્વર મહાદેવનો મહાભિષેક, ઠાકોરજીની આરતી ધામધૂમથી સંપન્ન થયા. મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવી હતી. શ્રાવણ માસમાં સવાર-સાંજ શ્રીમદ્ સત્સંગિ ભૂષણની કથા કોઠારી શા. યજ્ઞપ્રકાશદાસે કરીને હરિભક્તોને સુંદર લાભ આપેલ.

જલઝીલણી એકાદશી મહંત સ્વામી સાથે સંત હરિભક્તો ઓચ્છવ કરતા કાંકરિયા સરોવરે જળ ક્રિડા કરાવી હતી.

મહિલા સત્સંગ સભા : પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી મહિલાઓની સત્સંગ યોજવામાં આવી હતી. જેમાં ૫૦૦ જેટલા બહેનો જોડાયા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ બહેનોને ભગવાનનું મહિમા સાથે માહાત્મ્ય અને સર્વોપરિ ઉપાસના દૃઢ રાખવા અને નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે રાખવા માટે ખાસ ભલામણ કરીને આશીર્વાદ પાઠવ્યા હતા. દર હરિ જયંતીના અત્રે સુંદર સભા થાય છે. જેમાં બહેનો મોટી સંખ્યામાં લાભ લે છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી ઠાકોરજીનું રસોડું અને સંત નિવાસનું નિર્માણ કાર્ય જોઈ ખૂબજ પ્રસન્ન થયા હતા. ત્યાબાદ ઠાકોરજીના દર્શન કરી સ્વસ્થાન પધાર્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વા. ગુરુપ્રસાદદાસજી અને શા. સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી અહીંની હરિકૃષ્ણ સોસાયટીમાં રાત્રે શ્રીહરિ દર્શન સપ્તાહ પારાયણ શા. યજ્ઞપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. જેમાં કાંકરિયા અને મણીનગરના હરિભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે કાંકરિયાના સંતો અને જેતલપુરથી પધારેલા સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ)

બામરોલી (મ.પ્ર.) મંદિરમાં શ્રીમદ્ ભાગવત પારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજીની પ્રેરણાથી અમદાવાદના પ.ભ. પ્રવિણભાઈ મંગળદાસ ઉમેદરામપટેલ પરિવાર તરફથી આપણા મંદિરમાં તા. ૨૨-૮-૦૯ થી ૨૬-૮-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા.સ્વા. સત્યપ્રકાશદાસજી (મૂળી)ના વક્તાપદે હિન્દી ભાષામાં સુંદર રીતે સંપન્ન થઈ. આ પ્રસંગે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો અભિષેક ષોડશોપચાર પૂર્વક સંપન્ન થયો. અને ત્યારબાદ અન્નકૂટ ધરાવવામાં આવેલ.

આ પ્રસંગે અમદાવાદથી નારણઘાટ મહંત સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ દિગંબર ભગત આદિ સંત-પાર્ષદ મંડળ પધાર્યા હતા. કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ આદિ ઉત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. મહાપૂજા પણ વિધિપૂર્વક સંપન્ન થઈ હતી. અત્રેના મહંત શા.સ્વામી લક્ષ્મીનારાયણદાસજી અને ગ્રામજનોએ પણ સુંદર સહકાર આપી સેવા બજાવી હતી. પાટોત્સવના યજમાન પરિવારો અ.નિ. પટેલ ઉમેદરામ રણછોડદાસ પરિવારના ગં.સ્વ. રઈબેન સાંકળચંદ, ગં.સ્વ. પાલીબેન મંગળદાસ, અ.સૌ. જ્યોતિબેન પરસોત્તમદાસ પટેલ આદિ સૌએ સેવા યજ્ઞમાં મહા લાભ લઈ અતિ ભાગ્યશાળી બન્યા હતા.

(રાજેન્દ્રપ્રસાદ સ્વામી)

કાલીયાણા (તા. વિરમગામ) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાદરવા સુદ-૧૧ ના રાત્રે સાં. બબુબા, ગંગાબેન, પુરીબેન અને શાંતાબેન તેમજ સર્વે ગામના બહેનોએ સાથે મળીને ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. આખું મંદિર ખીચોખીચ ભરાઈ ગયું હતું. સાંખ્યયોગી બબુબા પ્રેરણારૂપ બન્યા હતા.

(પ્રદિપ બૂટિયા)

જયપુર મંદિરમાં પાટોત્સવ પારાયણ

આપણા જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૬ઠ્ઠો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મહંત સ.ગુ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણા એવં માર્ગદર્શનથી પ.ભ. સુભાષભાઈ અંબાલાલપટેલ પરિવાર તરફથી શ્રાવણ વદ-પને તા. ૧૧-૮-૨૦૦૯ ના રોજ ઠાકોરજીનો મહાભિષેક વેદોક્ત વિધિપૂર્વક સંપન્ન થયો. ત્યારબાદ અન્નકૂટ આરતી થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં પૂ. પી.પી. સ્વામીના વક્તાપદે વચનામૃત જ્ઞાનયજ્ઞ ત્રિદિનાત્મક પારાયણ વચનામૃતના ગૂઢ રહસ્ય સાથે હરિભક્તોને સર્વોપરિ શ્રીહરિની ઉપાસનાની દ્રઢતા કરાવી હતી. હરિભક્તો ખૂબજ રાજી રાજી થઈ ગયા.

પ્રાસંગિક સભામાં કાંકરિયા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી, પ્રયાગરાજના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી, જેતલપુર મહંત કે.પી. સ્વામી, બ્ર. પૂજારી પૂર્ણાનંદજી, શા.સ્વા. માધવજીવનદાસજી, શા. હરિવલ્લભદાસજી (મહેસાણા) શા. વ્રજવલ્લભદાસજી (જેતલપુર)આદિ સંતોની પ્રેરક વાણી સૌને સાંભળવા મળી.

(મહંત સ્વામી, જયપુર)

"કળિયુગમાં પરચો" સિધ્ધપુર નૂતન મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજના પાવન દિવ્ય અલૌકિક ચરણારવિંદ દર્શન

મહેસાણા જીલ્લાના સિધ્ધપુર નગરમાં ગામમાં આપણું જુનું શિખરબધ્ધ મંદિર હતું. સમય જતાં હરિભક્તોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતા અને શહેર બહાર હરિભક્તોની વસ્તી વધતા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ (નિવૃત્ત) પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને હરિભક્તોએ હાઈવે પર શિખરબધ્ધ મંદિર કરવા પ્રાર્થના કરી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીને નૂતન ભવ્ય ત્રણ શિખરનું મંદિર કરવા આશીર્વાદ સહ આજ્ઞા આપી. જે મંદિર સંપૂર્ણ તૈયાર થતા ગત વર્ષે કારતક વદ-૨ ના રોજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા વેદોક્ત વિધિથી ષોડશોપચાર પૂર્વક ધામધૂમથી સંપન્ન થઈ. જેને હજું એક વર્ષ પૂર્ણ થયું નથી. પરંતુ શ્રીહરિકૃષ્ણ મહારાજને કાંઈક પરચો ચમત્કાર બતાવીને પોતાના અપર સ્વરૂપ આચાર્યશ્રી દ્વારા પધરાવેલ સ્વરૂપની દ્રઢતા અને નિષ્ઠા રહે અને કળિયુગમાં વહેતા અન્ય વાયરામાં મુમુક્ષુજીવ પોતાનું કલ્યાણ ન બગાડે તેવું સર્વોપરિ શ્રી હરિકૃષ્ણ મહારાજને લાગતા અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના પ્રાતઃ ૫-૩૦ કલાકે મંદિરમાં નિયમિત સાફ સફાઈ કરવા આવતા નિષ્ઠાવાન હરિભક્તો ડાયાભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ, મોહનભાઈ પટેલ અને લાલજીભાઈ પટેલ આદિ હરિભક્તોએ છેક સિંહાસન માંથી કુમકુમના હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી નીકળેલા અલૌકિક ચરણારવિંદ જોયા. ત્યારે તેમને ખૂબજ આશ્ચર્ય થયું. જેથી ત્વરિત પૂજારી કુંજવિહારી સ્વામીને બોલાવીને બતાવતા સ્વામીએ નિજ મંદિરમાં તાળા ખોલીને જોતા જ આશ્ચર્ય ચકિત થઈ ગયા.

શ્રીહરિકૃષ્ણ મહારાજ મૂર્તિમાંથી સ્વયં પ્રગટ થઈને આવું અદ્‌ભુત લીલા ચરિત્ર કરીને એ બતાવી દીધું કે અમે અમારા આચાર્યશ્રી દ્વારા પ્રસ્તાપિત મૂર્તિમાં પ્રત્યક્ષ અને પ્રગટ છીએ. આવા અલૌકિક અદ્‌ભુત સમાચાર વાયુ વેગે સમગ્ર દેશ અને વિદેશમાં પ્રસરી ગયા. સૌ પ્રથમશ્રી નરનારાયણદેવ ગાદીના વર્તમાન પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી અષાઢ વદ-૧ તા. ૮-૭-૦૯ અને તા. ૯-૭-૨૦૦૯ના સળંગ બે દિવસ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. શ્રીરાજા સાથે સિધ્ધપુર મંદિરમાં પધારીને ચરણારવિંદના દર્શન કરીને સૌને તેની પ્રતિતી કરાવી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની રાજભોગ આરતી ઉતારીને સૌને દર્શનનું મહા સુખ આપ્યું. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-હરિભક્તો સાથે તા. ૮-૭-૦૯ ના સાંજે પધાર્યા અને શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની સંધ્યા આરતી ઉતારીને દિવ્ય ચરણારવિંદને ચોક્કસાઈથી નિહાળીને દર્શન કર્યા અને જે ચરણારવિંદના જે તે સ્થિતિમાં સૌને દર્શન થાય તે માટે ત્વરિત કાચના બોક્ષ બનાવીને તેની સુરક્ષિત વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી. તા. ૧૭-૮-૨૦૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અમદાવાદ મંદિરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી અને સ્કીમકમિટીના સભ્યો સાથે (વિદેશ પધારીને તુરંત) સિધ્ધપુર મંદિર દર્શનાર્થે પધાર્યા અને ચરણારવિંદના અલૌકિક દર્શન કરીને તેના કાયમી દર્શન થતા રહે તેવી સુંદર વ્યવસ્થા કરાવી. ધર્મવંશી આચાર્યશ્રીના આગમન બાદ દેશો દેશના સમગ્ર સંત-હરિભક્તો દર્શને આવવા માંડ્યા. આજે પણ હરિભક્તો રોજે રોજ ચરણારવિંદના દર્શને આવે છે. અને દરેકના મોંઢેથી એકા એક શબ્દ સરી પડે છે. કે જે સ્વરૂપની પ્રતિષ્ઠા શ્રીહરિએ પ્રસ્થાપિત કરેલા પોતાના અપર સ્વરૂપ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીએ કરી હોય ત્યાંજ આવા પરચા ભગવાન પુરે છે. આવા તો સંપ્રદાયમાં આ પહેલા પણ ચમત્કાર પરચા થયેલા છે. જેની પ્રતિતી આપણને થઈ છે. (મહંત સ્વામી દિવ્યસ્વરૂપદાસજી)

સિધ્ધપુર મંદિરથી અમદાવાદ શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. શા.સ્વામી પ્રેમસ્વરૂપદાસજીની પ્રેરણાથી સિધ્ધપુર મંદિરના મહંત સ્વામી દિવ્ય સ્વરૂપદાસજી અને પૂજારી ભક્તિનંદનદાસ અને સિધ્ધપુર બીલીયા અને ઉમરૂના ૮૦ હરિભક્તો સાથે તા. ૨૧-૮-૦૯ના રોજ અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના દર્શને પદયાત્રા યોજી હતી. જેમાં રાત્રી રોકાણ મહેસાણા મંદિર દર્શન પ્રસાદ લઈ બીજી રાત્રે કલોલ ગુરુકુળ અને ત્રીજી રાત્રે નારણઘાટ મંદિર રાત્રે દર્શન કરીને અમદાવાદ મંદિર શ્રી નરનારાયણદેવના મંગળા આરતીના દર્શન કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્‌ હસ્તે પદયાત્રાના રથમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારીને સૌ પદયાત્રીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (દશરથભાઈ પટેલ)

લસુન્દ્રા મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે મંદિરમાં ભાદરવા સુદ-૧૧ જલ ઝીલણીના ઠાકોરજીની પાલખીમાં શોભાયાત્રા સમગ્ર ગામમાં પસાર થઈ હતી. જેનું ગામના તળાવમાં વિસર્જન કરવામાં આવેલ. સ્વામી વિશ્વસ્વરૂપદાસજી અને શ્રી નરનારાયદેવ યુવક મંડળે આ સુંદર સેવા બજાવી હતી. (કોઠારી શ્રી)

બાલાસિનોર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી બાલાસિનોર મંદિરમાં સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્તનિધિ ગ્રંથની પારાયણ શા. સ્વામી વિશ્વસ્વરૂપદાસના વક્તાપદે થઈ હતી. હરિભક્તોએ કથાનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. જલઝીલણી એકાદશીના ઠાકોરજીનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. મંદિરના ચોકમાં ઠાકોરજીને નૌકા વિહાર કરાવી હતી. ઠાકોરજીની આરતી ઉતારીને સૌને દર્શન કરાવવામાં આવ્યા હતા. ઘનશ્યામકિરાણા સ્ટોર તરફથી સેવા કરવામાં આવી હતી. (રમેશ ભગત)

કપડવંજ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિને શા. વિશ્વસ્વરૂપદાસે આઠ દિવસ કથા કરીને શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. (કોઠારીશ્રી જયરાજ ત્રિવેદી)

વસઈ ડાભલા મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અહીંના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઠાકોરજીની ૯૩ મો પાટોત્સવ તા. ૨૪-૮-૦૯ ના રોજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે અમદાવાદ મંદિરથી શા.સ્વામી વાસુદેવચરણદાસ અને શ્રીજી સ્વરૂપદાસે પધારીને કથાવાર્તા ઠાકોરજીની મહાપૂજા અને પાટોત્સવ પ્રસંગે અન્નકૂટની વ્યવસ્થા કરી હતી. શ્રી વિક્રમભાઈએ યજમાન પદનો લાભ લીધો હતો. હરિભક્તો કથા વાર્તા અને પાટોત્સવના દર્શન કરી કૃતાર્થ થયા હતા.

(બળવંતભાઈ કોઠારી)

નવા વાડજ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રાવણ માસમાં 'શ્રીમદ્ સત્સંગિભૂષણ'ની કથા શા.સ્વા. હરિઊઁપ્રકાશદાસજી (જે.વાડી), મહંત શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા), શા.સ્વા. અભયપ્રકાશદાસજી (કોટે. ગુરુ.), શા. સૂર્યપ્રકાશદાસજી (મૂળી) તથા ચૈતન્ય સ્વામીએ કરીને હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો. તા. ૨૩-૮-૦૯ના રોજ હિંડોળા ઉત્સવ પ્રસંગે 'દાદાના દરબાર' માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ પધારીને દર્શન આશીર્વાદનો અલૌકિક લાભ આપ્યો હતો. તા. ૩૦-૮-૦૯ ના રોજ શ્રી અશોકભાઈ એન. પટેલ તરફથી ૧૭ મી વાર્ષિક સભા તેમના માતુશ્રીના સ્મરણાર્થે યોજી હતી.

(શંભુભાઈ પટેલ)

નરોડા આદિશ્વરનગર મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે ના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧૨-૭-૦૯ થી તા. ૧૩-૮-૦૯ શ્રાવણ માસમાં હિંડોળા દર્શન અને સાંજે ભાગવત કથાનો લાભ રસિકભાઈએ આપેલ.

તા. ૧૦-૮-૦૯ થી તા. ૧૪-૮-૦૯ સુધી રાત્રે ૯ થી ૧૦-૩૦ નારણઘાટ મંદિરથી નાના પી.પી. સ્વામીએ સંત મંડળ સાથે પધારીને સતત પાંચ દિવસ સુધી કથાવાર્તાનો સુંદર લાભ આપેલ. જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. ધો-૧૦ અને ૧૨ માં સારા ટકાએ પાસ થનારનું બહુમાન કરી ઈજ્ઞામ આપવામાં આવેલ.

(કૌશિકભાઈ પટેલ)

ટોરડા મંદિરમાં બાપુનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુળ)ની પ્રેરણાથી તા. ૬-૯-૦૯ ને રવિવારના દિવસે બાપુનગર શ્રી નરનારાયણદેવ યુવક મંડળની શિબિર ઈડર દેશના તીર્થસ્થાન ટોરડા મંદિરમાં રાખવામાં આવી હતી.

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના પ્રાગટ્ય સ્થાનમાં સુંદર નૈસર્ગિક વાતાવરણમાં ખુલ્લાં મેદાનમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના અધ્યક્ષ સ્થાને સત્સંગ શિબિરની શરૂઆત થઈ હતી. ઉત્સાહી યુવાનોએ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો અને ધર્મવંશી આચાર્ય પદ, ગુણ-અવગણનું પરિણામ, વટલવું નહિ અને વટલાવવું નહિ. એ વિષયો ઉપર સંવાદ તથા નાટક તેમજ સૌરાષ્ટ્રનો મણિયારો રાસ રજૂ કરી પ.પૂ. મહારાજશ્રીને રાજી કર્યા હતા. ત્યારબાદ સ્વા. વાસુદેવચરણદાસજી તથા સ.ગુ. શા.સ્વા. આનંદજીવનદાસજી તેમજ પી.પી. સ્વામી (કોટેશ્વર ગુરુકુળ)એ પ્રાસંગિક પ્રવચન સાથે ટોરડા ધામનો મહિમા કહ્યો હતો.

પ.પૂ. મહારાજશ્રીએ આશીર્વચનમાં જણાવ્યું હતું કે, શ્રીજી મહારાજે આપણને જે કંઈ આપ્યું છે તે સંપૂર્ણ છે. તેમાં જ નિષ્ઠા રાખવી અને તેમાં જ સુખ છે. બદલવામાં કંઈ લાભ નથી. મહારાજે આપેલા સંપ્રદાયના બંધારણમાં જે ફેરફાર કરવા જાય છે તે અંતે વિમુખ ઠરે છે. આપણા મંદિરોમાં આરતી, ભજન-ભક્તિ, નિયમ-ચેષ્ટા વગેરે બધું જ નિશ્ચિતરૂપમાં અને નિશ્ચિત સમયે હોય છે. સઘળી બાબતો પ.પૂ. મહારાજશ્રીએ દાખલા દ્રષ્ટાંતો સાથે એવી સુંદર રીતે સમજાવી હતી કે જે કોઈ યુવાનોના મનમાં જે કંઈ પ્રશ્નો કે સંશયો હતા તે આપોઆપ શમી ગયા હતા. પ.પૂ. મહારાજશ્રીને સંપ્રદાય સત્સંગ લક્ષી કોઈપણ પ્રશ્ન પૂછવાની તમામયુવાનોને છૂટ હોવા છતાં કોઈને પ્રશ્ન પૂછવાની જરૂર રહી નહોતી.

આ પ્રસંગે ટોરડા મંદિરના મહંત પૂ. કૃષ્ણપ્રસાદદાસજીએ યુવાનો માટે મહાપ્રસાદ વગેરેની સુંદર વ્યવસ્થા કરી હતી. જેના યજમાન તરીકે પ.ભ. શ્રી અરવિંદભાઈ દોંગાએ લાભ લીધો હતો.

શિબિરના અંતમાં પ.પૂ. મહારાજશ્રી, સંતો તથા તમામ યુવાનો સાથે પદયાત્રા કરીને નદીની સામે કાંઠે

રહેલા શિવાલયમાં પ્રસાદીના ગણપતિ તથા શિવજીનું દર્શન કરવા પધાર્યા હતા. જે ગણપતિને ખુશાલ ભટ્ટે (ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ) ગણેશ ચતુર્થીના દિવસે પ્રત્યક્ષ ચુરમાના લાડુ જમાડ્યા હતા.

ભક્તજનોએ પરત ઈડર તથા સાપાવાડા મંદિરમાં દેવોનું દર્શન કર્યું હતું. (ગોરધનભાઈ વી. સીતાપરા)

ઈડર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઠાકોરજી સમક્ષ શ્રાવણ માસમાં અવનવા હિંડોળા અને શ્રાવણ સુદ-૮ ના જન્માષ્ટમીના શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના પ્રાંગણમાં દર વર્ષની જેમ ભવ્ય મેળો યોજાય છે. જેમાં આજુબાજુનાં ગામના ભાવિકોનો માનવ મહેરામણ ઉમટાયો હતો. સૌ આપણા મંદિરમાં દેવ દર્શન અને ભજન કીર્તન કરીને રાત્રે ૧૨ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ભવ્યતાથી ઉજવ્યો હતો. (કોઠારી સત્યસંકલ્પદાસ)

ભાદરડી (ઈડર દેશ)

પ.ભ. પ્રવિણભાઈ મોધાભાઈ પટેલના માતુશ્રી ગં.સ્વ. ગંગાબેન મોધાભાઈ પટેલની જીવન ચર્યા પ્રસંગે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા.

પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, શા.સ્વા. આનંદજીવનદાસજી, શા. છપૈયાપ્રસાદદાસજી અને આપણા સ્કીમકમિટીના સભ્ય પ.ભ. ડૉ. કે. કે. પટેલ તથા શ્રી ડી.કે. પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચન કરેલ. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઈડર મહંત સ્વામીની પ્રેરણાથી પ્રસંગ સુંદર રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે, ટોરડા, પ્રાંતિજ અને સાપાવાડા મંદિરના મહંતશ્રી તથા પ.ભ. ડૉ. કે.કે. પટેલ સાહેબ, ડાહ્યાભાઈ કે. પટેલ (નેત્રામલી) આદિ હરિભક્તો ખાસ પધાર્યા હતા. સભા સંચાલન શા. હરિજીવનદાસે શોભાવ્યું હતું. (કોઠારી સત્યસંકલ્પદાસ)

શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર

અત્રે આપણા મંદિર ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી હિંડોળા ઉત્સવ ધામધુમથી ઉજવાયો હતો. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી તથા મહંત શાસ્ત્રી હરિજીવનદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા સૌ સત્સંગીઓએ તન, મન, ધનથી સેવા સમર્પી હતી. જન્માષ્ટમીના રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. હરિભક્તોએ વિશાળ સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો.

(અમૃતભાઈ એસ. પટેલ)

વિદેશ સત્સંગ સમાચાર

આપણા ટોરોન્ટો, કેનેડા (I.S.S.O.) મંદિરનો પ્રથમપાટોત્સવ

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમકૃપાથી વિશ્વ વંદનીય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા તથા પ.પૂ.મોટા મહારાજશ્રી અને પૂજય લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી, સંપ્રદાયના પ્રસિદ્ધ યાત્રાધામ જેતલપુર ધામથી અત્રે પધારેલા સંતો સ્વામી વિશ્વપ્રકાશદાસજી ગુરુ મહંત સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ્વામી સત્યસ્વરૂપદાસજીના સહયોગ અને માર્ગદર્શનથી આઈ.એસ.એસ.ઓ. ટોરોન્ટો, કેનેડા મંદિરનો પ્રથમ પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં હરિભક્તોના હર્ષોલ્લાસ સાથે તા. ૭, ૮, ૯ ઓગસ્ટ-૦૯ ત્રણ દિવસ પર્યંત ઉજવવામાં આવ્યો.

તા. ૭-૮-૦૯ ના સવારે ૯ વાગે પોથીયાત્રાનો પ્રારંભ પારાયણના મુખ્ય યજમાન દ્વારા થયો. સત્સંગી ભાઈ-બહેનો દ્વારા ભજન, કીર્તન, શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા કરતાં પોથીયાત્રા મંદિર દ્વારે આવી. ૯-૩૦ કલાકે પોથી વ્યાસાસન ઉપર પધરાવવામાં આવી. દેવ, શાસ્ત્ર અને પારાયણના વક્તા શાસ્ત્રી સ્વામીનું પૂજન આરતી પારાયણના યજમાનો અને પાટોત્સવના મુખ્ય યજમાન દ્વારા કરવામાં આવી. સત્સંગિજીવનની ત્રિદિનાત્મક પારાયણ વિદ્વાન શાસ્ત્રી સ્વામીની મધુર વાણીમાં કરવામાં આવી. રાત્રે કીર્તન ભક્તિ આરાધના કરવામાં આવી.

તા. ૮-૮-૦૯ શનિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ મહાપૂજા રાખવામાં આવી. મહાપૂજાની

પૂર્ણાહુતિની આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે કરવામાં આવી. મહાપૂજાના યજમાનોએ તેમાં સેવા કરી. મંદિરની બહાર પાછળના ભાગમાં ૮૦' x ૪૦' નો વિશાળ વોટરપ્રુફ ટેન્ટ બાંધવામાં આવ્યો હતો. તેમાં રાત્રે સત્સંગી બાળકો, બાળાઓ દ્વારા એકાંકી નાટક, રાસ, ગરબા કરવામાં આવ્યા. યુવાન સત્સંગીઓ દ્વારા શ્રી સ્વામિનારાયણ ભગવાન અને લાલજી સુથાર (સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામી)ના કચ્છના સહપ્રવાસનું સત્સંગ આધારિત ટૂંક સમયનું સુંદર નાટક ભજવવામાં આવ્યું. પૂજ્ય મહારાજશ્રી સાંસ્કૃતિક કાર્યક્રમમાં પધારેલ. તેઓશ્રીની હાસ્યમૂર્તિના દર્શન સર્વે હરિભક્તોને થતા હતા. સમગ્ર કાર્યક્રમસુંદર અને સફળ રહ્યો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નવા સત્સંગીઓને ત્યાં પધરામણી કરી સર્વે હરિભક્તોનાં મનોરથ પૂર્ણ કર્યા. સર્વેને મહારાજશ્રીનો રાજીપો મળ્યો. પધરામણી ટોરોન્ટો, બ્રેમ્પટન, કેમ્બ્રીજ, વોટરલુ વિસ્તારમાં કરવામાં આવી.

તા. ૯-૮-૦૯ રવિવાર મંદિરના પાટોત્સવના મંગલ દિવસનો પ્રારંભ શ્રીહરિ કૃષ્ણમહારાજના ષોડશોપચાર અભિષેકથી સવારે ૭-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કર કમળ દ્વારા થયો. અભિષેક વિધિ ૭-૩૦ થી ૮-૩૦ સુધી ચાલ્યો. અભિષેકના યજમાનોએ પણ પૂજાનો લાભ લીધો. ત્યારબાદ ટેન્ટમાં વિશાળ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં પારાયણની પૂર્ણાહુતિ, આચાર્ય મહારાજશ્રીનું પૂજન, આરતી ધર્મકુળ પૂજનના યજમાનો દ્વારા કરવામાં આવ્યા. પાટોત્સવના સર્વે નાના મોટા યજમાનોએ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને પુષ્પ છડી આપી અભિવાદન કરી, આશીર્વાદ લીધા. અમેરિકાથી અત્રે પધારેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વચનમાં દરેક સત્સંગીએ દરેકનો ગુણ ગ્રહણ કરવા અને પોતાના અવગુણ વ્યજવા જણાવ્યું. ગુણ ગ્રહણ કરવાથી સત્સંગીમાં ભગવાનનો વાસ થાય છે. અવગુણ ગ્રહણ કરવાથી પડતી થાય છે. ભગવાનનું બળ રાખી, ભગવાનને આગળ કરી દરેક કાર્ય કરવા, મંદિરમાં નિયમિત દેવ દર્શન કરવા મંદિરના વિકાસમાં સહભાગી થવા આજ્ઞા કરી, સૌ સત્સંગી સુખીયા થાય તેવી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના કરી.

સર્વે સત્સંગી બહેનોએ હેતથી બનાવેલ વિવિધ વાનગીઓનો અન્નકૂટ દેવો આગળ ભરવામાં આવ્યો. આચાર્ય મહારાજશ્રીએ ૧૧-૩૦ વાગે અન્નકૂટની આરતી કરી પાટોત્સવની પૂર્ણાહુતિ કરી. અન્નકૂટની આરતીનો લાભ સેવા આપનાર દરેક યજમાનો અને મંદિરમાં પધારેલ સૌ કોઈએ લીધો.

શ્રી જગદીશભાઈ શુકલ ઉમરેઠવાળાએ વિવિધ પ્રસંગોએ શાસ્ત્રોક્ત વિધિઓ, ઠાકોરજી પૂજન, પોથી પૂજન, વક્તાશ્રીનું પૂજન, મહાપૂજા, અભિષેક, આચાર્ય મહારાજશ્રીનું પૂજન વિગેરે કરાવ્યા.

પાટોત્સવમાં વિવિધ સેવા આપનાર યજમાનોને મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ ડી.વી.ડી. સેટ ભેટ આપવામાં આવ્યો.

સમગ્ર પાટોત્સવ દરમ્યાન બપોરે અને સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ. મહાપ્રસાદ બનાવવાની સેવા સ્વયંસેવક સત્સંગી બહેનોએ કરી મહારાજ અને મહારાજશ્રીનો રાજીપો લીધો. સ્વયંસેવક સત્સંગી ભાઈ-બહેનોએ વિવિધ પ્રકારની સેવાઓ કરી પાટોત્સવ દીપાવ્યો.

પૂજ્ય પી.પી. સ્વામી (જેતલપુર) અને શ્રી ઉદયનભાઈ મહારાજાએ દેવ, આચાર્ય અને સંતની સેવાના બીજ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સ્વયં સેવક ભાઈ-બહેનોમાં મૂર્તિ પ્રતિષ્ઠા વખતે વાવ્યા હતા તે આજે ફળ સ્વરૂપે દેખાતા હતા. તેઓશ્રીનો આભાર માનીએ તેટલો ઓછો છે.

અત્રેના પ્રેસીડેન્ટ શ્રી દશરથભાઈ ચૌધરીએ સંસ્થાકીય માહિતી આપી, પાટોત્સવમાં વિવિધ સેવા આપનાર યજમાનો અને સ્વયં સેવકોનો આભાર માની મંદિરના વિકાસમાં સાથ અને સહકાર આપવા સૌ સત્સંગી ભાઈ બહેનોને નમ્ર વિનંતી કરી શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના કરી.

સમગ્ર પાટોત્સવ દરમ્યાન શ્રી નટુભાઈ પટેલે સફળ સંચાલન કરી મહારાજ અને મહારાજશ્રીનો રાજીપો લીધો. દરેક નાના મોટા હરિભક્તોની સેવા પ્રેરણા રૂપ હતી.

(ભાઈલાલભાઈ પટેલ)

ચેરીહિલ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર ચેરીહિલ ખાતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી તથા ૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી સ્થાનિક હરિભક્તો તેમજ કોલોનીયા, ન્યુયોર્ક અને પારસી પેનીથી પધારેલા સેકંડો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી

ઉજવવામાંઆવી.

આ પ્રસંગે અમદાવાદથી પધારેલા પૂજ્ય શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી અને ધોલકા મંદિરના મહંત નારાયણ મુનિ સ્વામી, વિહોકન મંદિરના મહંત માધવ સ્વામી અને ચેરીહિલ મંદિરના મહંત શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજીનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું. ૧૦૦ જેટલા આપણા યુવક મંડળના યુવાનોએ મંદિરના મુખ્ય હોલમાં આપણા ભારત દેશના રાષ્ટ્ર ધ્વજ સાથે નાની પરેડ કરીને રાષ્ટ્રગીત ગાયું હતું.

ઠાકોરજીને પારણામાં ઝુલાવીને સૌએ સુંદર દર્શન કર્યા હતા. નાના બાળકોએ સુંદર નૃત્ય નાટિકા કરીને સૌના દિલ જીતી લીધા હતા. શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજીએ જન્માષ્ટમીનું માહાત્મ્ય અને સ્વાતંત્ર દિનની માહિતી આપી હતી. પૂ. શા.સ્વામી નિર્ગુણદાસજીએ સર્વોપરિ ભગવાનનું માહાત્મ્ય સરળ ભાષામાં સમજાવ્યુ હતું. શા. માધવ સ્વામીએ સેવા વિષે સમજાવ્યુ હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગની પ્રવૃતિ સરસ થાય છે. (પી. શાહ)

કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રાવણ માસમાં ઠાકોરજીને સુંદર અવનવા હિંડોળામાં ઝુલાવીને દર્શન કરાવવામાં આવ્યા હતા. જન્માષ્ટમીના દિને અમદાવાદથી પધારેલા શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી, મુનિ સ્વામી (ધોળકા) કોલોનીયા મંદિરના મહંત જ્ઞાનજીવનદાસ આદિ સંત મંડળે જન્માષ્ટમીનું માહાત્મ્ય અને સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનો સર્વોપરિ મહિમા ગાયો હતો. શા.સ્વામી નિર્ગુણદાસજીએ શ્રીમદ્ ભાગવતની ૧૧ માં સ્કંધની કથા કરીને દિવ્ય લાભ આપ્યો હતો. અનેક દૃષ્ટાંતો સાથે કથામૃત પાન કરાવ્યું હતું. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. અત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

૪ થો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સંતોની પ્રેરણા માર્ગદર્શનથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૪ થો પાટોત્સવ ૪-૯-૦૯ ને શનિવારના રોજ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રી, પ.પૂ. બિંદુરાજા, ચિ. શ્રી સુવ્રતકુમાર, ચિ. સૌમ્યકુમાર અને હજુરી પાર્ષદ વનરાજ ભગતના સાનિધ્યમાં ધામધૂમથી સંપન્ન થયો. પૂજારી સંતોએ વેદોક્ત રીતે મહાભિષેક અને અન્નકૂટ આદિ કર્યા હતા. આઈ.એસ.એસ.ઓ.ના દરેક ચેપ્ટરોમાંથી સંત-હરિભક્તો આ પ્રસંગે પધાર્યા હતા. પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં ૧ દિવસની સત્સંગ શિબિર યોજાઈ જેમાં મોટી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પાટોત્સવના યજમાન બહેનોને પુષ્પભેટ પ્રસાદ આપીને આશીર્વાદ આપ્યા હતા. યજમાન પરિવારના બહેનોએ પણ પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી, પૂ. બિંદુરાજા અને ચિ. સુવ્રતકુમાર અને ચિ. સૌમ્યકુમારનું પૂજન અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ લીધા હતા. સ.ગુ. શાં.સ્વામી નિર્ગુણદાસજીના વક્તાપદે યોજાયેલ પારાયણમાં સાતેય દિવસ પૂ. ગાદીવાળાશ્રી બહેનોની સભામાં કથા શ્રવણ માટે પધારીને બહેનોને અલૌકિક સુખ આપ્યું હતું. પ્રાસંગિક સભામાં યજમાન પરિવારનું સન્માન કરવામાં આવેલ.

ચેરીહિલ મંદિરના શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી, કોટેશ્વર ગુરુકુળના શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી, વિહોકન મંદિરના શાસ્ત્રી માધવપ્રસાદદાસજી, ધોળકા મહંત મુનિ સ્વામી અને અન્ય મહાનુભાવ સંતોએ ભગવાનનું માહાત્મ્ય મહિમા સુંદર રીતે કહ્યું હતું. મોટી સંખ્યામાં હરિભક્તોએ પાટોત્સવ અન્નકૂટ દર્શન અને કથા વાર્તાનો સુંદર લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. ધર્મવંશીની કૃપાથી સત્સંગ ખૂબજ વૃદ્ધિ પામ્યો છે. (પી. શાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ(યુ.કે.)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા સ્ટ્રેધામમંદિરના ૧૪ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૮-૦૯ થી તા. ૧૬-૮-૦૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત કથા પૂ. યોગેન્દ્ર ભટ્ટના વક્તા પદે સમધુર વાણીમાં સંપન્ન થઈ હતી.

આ પ્રસંગને શોભાવવા બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી અમદાવાદ થી આપણા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. શ્રીરાજા ખાસ પધાર્યા હતા.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક ષોડશોપચાર વિધિથી ધામધૂમથી થયો હતો. તેજ દિવસે મંદિર ઉપર ધજા ચઢાવવામાં આવી હતી.

પ્રાસંગિક સભામાં જયકૃષ્ણ સ્વામી, શા. વિશ્વવલ્લભદાસજી અને શા. વ્રજવલ્લભ ઉપસ્થિત હતા. શા. વિશ્વવલ્લભદાસજીએ સર્વોપરિ શ્રીહરિ અને ધર્મકુળનું માહાત્મ્ય સુંદર રીતે કહ્યું હતું.

યજમાન પરિવારના શ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા, દિપ્તિબેન ભૂપેન્દ્રભાઈ, ધીલોન તથા ક્રિષ્ણા આદિ પરિવારમાં બહેનોએ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી ભૂપેન્દ્રભાઈ અને ધીલોને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. શિવ પૂજનમાં અનેક હરિભક્તોએ લાભ લીધો હતો. દરેક હરિભક્તોને પ્રસાદ જમાડવામાં આવેલ. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સુંદર ચાલે છે. (જયેશ વાધેલા)

હ્યુસ્ટન (યુ.એસ.એ.) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રેના મહંત કે.પી. સ્વામીની પ્રેરણાથી અહીંયા આપણા મંદિરમાં દરેક ઉત્સવો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

૧૬ ઓગસ્ટના રવિવારે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાઈ. હરિભક્તોએ મોટી સંખ્યામાં શ્રીકૃષ્ણ પ્રાગટ્ય અને પારણાનો લાભ લીધો હતો. ૨૩, ઓગસ્ટના શ્રી ગણેશ ચતુર્થી શ્રી વિઘ્ન હર્તાનું પૂજન-અર્ચન આરતી કરીને સુંદર મજાના ગોળના લાડુ જમાડીને ઉત્સવ ઉજવ્યો હતો. જલઝીલણી એકાદશીના મંદિરમાં ભગવાનને નૌકા વિહાર કરાવી સુંદર વરઘોડો કાઢવામાં આવેલ. ભાઈ-બહેનોએ કીર્તન અને મહા મંત્ર ધૂનની રમઝટ બોલાવી હતી.

હરિભક્તોએ દર્શન અને ઉત્સવનો લાભ લઈ ધન્ય બન્યા હતા. પ.પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ ખૂબજ સુંદર ચાલે છે. (રમેશ પટેલ સેક્રેટરી)

શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા શિકાગો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર ઈટાસ્કા ના ૧૧ માં પાટોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્ય પંચાન્હ પારાયણ તા. ૨૮ ઓગસ્ટથી ૨ જી સપ્ટેમ્બર પર્યન્ત સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે ધામધૂમથી થઈ હતી.

તા. ૨-૯-૦૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ થઈ હતી.

પ્રાસંગિક સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે આપ સૌ (શિકાગો) હરિભક્તોએ ધર્મકુળ વંદના મહોત્સવમાં ખૂબજ મોટું યોગદન આપ્યું છે. જેથી આપ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ. ખાસ સૌને ભલામણ છે કે હરિભક્તોએ વ્યક્તિ પૂજામાં ન પડી જવાય તેની ખાસ કાળજી રાખજો. શ્રીહરિ અને ભગવાનની પૂજાનું મહત્વ-માહાત્મ્ય જીવમાં રાખજો. અત્રેની સત્સંગની વૃદ્ધિ જોઈ ખૂબજ પ્રસન્ન થયા હતા. અત્રે ઉપસ્થિત રહેલા હરિભક્તો, સ્વયં સેવકો, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, યજમાન પરિવાર, રસોડામાં સેવા આપનાર કમિટીના સર્વે સભ્યોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. પ્રમુખશ્રી રાયસંગભાઈ ચૌધરીએ પાટોત્સવના યજમાન પરિવાર, શ્રી જે.પી. પટેલ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, કિરીટભાઈ, ગોવિંદભાઈ, વિનોદભાઈ, હર્ષદભાઈ, મહાપૂજા, વિષ્ણુયાગ અને અન્નકૂટ, અભિષેકના યજમાનોને ધન્યવાદ આપી આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગમાં પૂ. શા.હરિપ્રસાદદાસજી, પૂ. જે.પી. સ્વામી અને પૂજારી શાંતિપ્રકાશ સ્વામી આદિ સંતોની પ્રેરણા માર્ગદર્શન થી ૧૧ મો પાટોત્સવ ખૂબજ ભવ્યતાથી ઉજવાયો. (વસંત ત્રિવેદી)

લોસ એંજલસ શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા એલ.એ. મંદિરમાં સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે. અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૯-૮-૦૯ ના શુભ દિને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. હોલમાં બહેનોની વિશાળ સભા થઈ હતી. પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. હરિભક્તોને સ્વામી રામાનુજદાસજી અને સ્વામી ધર્મકિશોરદાસજીએ કથાનો સુંદર લાભ આપેલ. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને શ્રી ગણેશ ચતુર્થી ઉત્સવ ધામધૂમથી ઉજવ્યા હતા. (શા.સ્વામી ધર્મકિશોરદાસજી)

શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૩૭૦૦/- પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના૩૭ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે વડનગર મંદિરના મહંત સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી તરફથી હ. સા.ગુ. શા. સ્વામી નારાયણવલ્લભદાસજી, શા.વિશ્વપ્રકાશદાસજી અને શા. અભિષેકપ્રસાદદાસજી અને પા. રાજુ ભગત (વડનગર સ્વા.મંદિર)

૧૦૧/- મુક્તાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- મીનાબેન જગદીશ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સરલાબેન ભરત પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- લીનાબેન કીર્તિકુમાર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-અમેરિકા
૧૦૧/- ચંદ્રિકાબેન મહેન્દ્ર પરમાર શ્રીજી પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૧/- રીટાબેન દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- સ્નેહા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- રૂચિતા જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- જીનલ ભરત પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- હેતવી દિલીપ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- પુષ્પાબેન હેમરાજ મારવી શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-વિલેપાર્લા
૧૦૧/- કમળાબેન માધવજી ગોહિલ શ્રીજી પ્રસન્નાર્થે મેઘપર (પૂના)
૧૦૧/- પટેલ તારાબેન લાલજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- પટેલ કેશવલાલ સોમદાસ રસોઈ નિમિત્તે સોજા
૧૦૧/- જયની ટ્રેડીંગ કું. શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૦૦/- પટેલ ભાર્ગવી વિજયકુમાર કોમ્પ્યુટર એન્જી.માં એડમીશન નિમિત્તે ઈસંડ
૧૫૦/- અ.નિ. લાલભાઈ ત્રિકમભાઈની પ્રથમવાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ઉનાવા
૧૫૦/- પટેલ કુરિયન ચિમનભાઈ બી. ઓસ્ટ્રે. ઉચ્ચ અભ્યાસાર્થે ઉજ્જાવા
૧૫૦/- પટેલ હેલી નિમેષભાઈ બિપીનભાઈ બીજા જન્મદિન નિમિત્તે ઓસ્ટ્રેલીયા
૧૦૦/- પટેલ જીગર બિપીનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૦/- પટેલ કલ્પેશ ઈશ્વરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૧૧૧/- વરૂ ઉમિર્લાબેન રાજેશકુમાર ૧૧ મી લગ્ન તિથિ અમદાવાદ (જીરાગઢ)
૧૦૦/- હરસોરા કેતન રમણલાલ રજી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- નિર્મળાબેન પટેલ શ્રીજી પ્રસન્નાર્થે બારેજા
૧૦૧/- સુથાર સુરેશભાઈ દિનેશભાઈ લગ્ન પ્રસંગે સાધલી
૧૦૫/- પટેલ દેવ કેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૫/- પટેલ દિશાંત જગદીશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૧૧/- પટેલ ભરતભાઈ મોતીભાઈ પુત્ર સુરજ અમેરિકા અભ્યાસાર્થે અંબાપુર ગયા તે નિમિત્તે
૫૦૧/- પટેલ રમેશભાઈ અંબાલાલના પુત્ર મૌલિક વધુ અભ્યાસાર્થે સાબરમતી ક્લિવલેન્ડ (અમેરિકા) ગયા તે નિમિત્તે
૧૨૫/- પટેલ રામજીભાઈ જોઈતારામશ્રીજી પ્રસન્નાર્થે ઉંઝા
૧૦૧/- મોદી યાત્રી હર્ષદકુમાર જન્મદિનપ્રસંગે અમદાવાદ
૧૦૧/- મોદી સંજયકુમાર જાગૃતિબેન લંડન ગયા તે નિમિત્તે કુકરવાડા
૨૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ શીવલાલ ના સ્મરણાર્થે મનીપુર
૨૦૦/- અ.નિ. પટેલ લાલજીભાઈ લવજીભાઈના સ્મરણાર્થે દેવપુરાવાળા
૧૦૦/- મહેતા અનીલભાઈ ચિ. દિયાના જન્મપ્રસંગે સેટેલાઈટ
૧૦૦/- પટેલ ભરતકુમાર શિવાભાઈ ચિ. રૂદ્રના જન્મદિન નિમિત્તે કલોલ
૧૦૧/- પટેલ અમિતકુમાર પ્રવિણભાઈ અમેરિકા ગયા તે નિમિત્તે કુકરવાડા
૧૦૧/- અ.સૌ. અલ્પા તથા હિતેન્દ્રના ચિ. મિથીલના જન્મપ્રસંગે કોલ્હાપુર

૧૦૧/- કાછીયા ચિમનભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- સુથાર વ્રજ હર્ષદકુમાર જન્મપ્રસંગે કુંડાલ
૧૧૧/- શાહ નીતિનભાઈ રાધાષ્ટમીનામોટર કાર લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ જયંતીભાઈ વાલજીભાઈ નવો ફલેટ લીધો તે નિમિત્તે ગવાડા
૧૫૧/- ટાંક સુભાષભાઈ ગોપાલભાઈ નવી દુકાન મળી તે નિમિત્તે જીરાગઢ અંધેરી
૧૫૧/- ટાંક ઘનશ્યામભાઈ ગોપાલભાઈ નવો ફલેટ લીધો તે નિમિત્તે જીરાગઢ-અંધેરી
૧૫૧/- રામપરીયા હિરલ જગદીશભાઈ જન્મદિન નિમિત્તે વિલેપાર્લે
૧૦૧/- ટાંક રીટાબેન મનોજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરારોડ
૧૦૧/- પટેલ ગંગાબેન સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સેણાદરીયા ગોરાડા
૧૫૧/- અ.નિ.પટેલ મોતીદાસ ઉમેદદાસ શ્રાધ્ધ નિમિત્તે ગુલાબપુરા
૧૫૧/- અ.નિ. પટેલ નાથીબેન મોતીદાસ શ્રાધ્ધ નિમિત્તે ગુલાબપુરા
૧૦૧/- પટેલ કૃષ્ણલાલ બાબુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધરમપુર
૧૦૧/- મનાણી શાંતિભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાજકોટ
૧૦૧/- પટેલ પ્રવિણભાઈ લખુભાઈ નવા મકાનમાં પ્રવેશ નિમિત્તે હાથપાળીયા
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- મોરી દિનેશભાઈ સુખાભાઈ પુત્ર જન્મપ્રસંગે ડેડીયાસણ
૧૦૦/- પરમાર કરશનભાઈ ડાહ્યાભાઈ તેમના પૌત્રને એન્જી.માં એડમીશન નિમિત્તે બળોલ
૧૦૦/- પટેલ જસુભાઈ એચ. નવીગાડી લાવ્યા તે નિમિત્તે આકરૂંદ
૧૦૧/- ભાવસાર હેલી મેહુલભાઈ જન્મદિન નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- ભાવસાર જસ્મીન ભગુભાઈના સ્મરણાર્થે ગાંધીનગર
૧૦૦/- ભાવસાર પાર્વતીબેન નારણદાસના સ્મરણાર્થે ગાંધીનગર
૧૦૧/- પટેલ રોનક હર્ષદભાઈ જન્મદિન નિમિત્તે કુંડાળ
૧૦૧/- પટેલ ઋચાબેન હર્ષદભાઈ જન્મદિન નિમિત્તે કુંડાળ
૧૦૧/- પટેલ માહ્રતીબેન ગૌતમભાઈ જન્મદિન નિમિત્તે કુંડાલ કડી
૨૦૦/- પટેલ વિશાલ સુરેશભાઈ ૭મી પુણ્યતિથિ નિમિત્તે વાવોલ
૫૦૧/- ભાટીયા નિષિતકુમાર આર. પગાર વધ્યો તે નિમિત્તે માલવણ
૧૦૦/- ચોટલીયા રમેશભાઈ મોહનભાઈ નવું બાઈક લીધું તે નિમિત્તે નવસારી
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૫૦૧/- ભાવસાર બિપીનચંદ્ર જયંતીલાલ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૧૧/- પટેલ રમેશભાઈ ઈશ્વરભાઈના ચિ.વિલેશકુમારને યુ.કે.ના વિઝા નિમિત્તે મંડાલી
૧૦૧/- ભાવસાર જે. જે. શ્રીજી પ્રસન્નાર્થે હ. હરિકૃષ્ણભાઈ અમદાવાદ
૧૫૧/- સાપરીયા કિશન જેઠાભાઈ એમ.સી.એ. માં એડમીશન નિમિત્તે રાજકોટ
૧૦૦/- દિપકભાઈ સી. ચિ. શ્યામ અભ્યાસાર્થે લંડન ગયા તે નિમિત્તે સાણોદા
૧૦૦/- પટેલ માનસીબેન મહેન્દ્રભાઈ લંડન ગયા તે નિમિત્તે કુંડાળ
૧૦૦/- નાકરાણી ધનજીભાઈ કરશનભાઈ પુત્રને નોકરી મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ સ્નેહલ પંકજભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૧૦૧/- વરૂ રિતેશ શાંતિલાલ કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે રાજકોટ

Editor, Printer and Publisher : Mahant Shastri Swami Harikrishnadasji for Shree Swaminarayan Temple Kalupur, Ahmedabad. Printed at Shree Swaminarayan Printing press, Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001 and Published at and for Shree Swaminarayan Temple, Kalupur, Ahmedabad (GUJARAT) Pin-380 001.


1


2


3


4


5


6


7


8

(1) કાંકારિયા મંદિર આયોજીત હરિકૃષ્ણ સોસાયટીમાં પ.પૂ. મોટા મહારાજશ્રીની નિશ્રામાં કથામૃત પાન કરાવતા શાસ્ત્રી યજ્ઞપ્રકાશદાસજી અને સાથે સંતો (2) વહેલાલ મંદિરમાં સંત નિવાસ અને પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી (3-4) અમદાવાદ હેરીટેજ ફાઉન્ડેશન દ્વારા આયોજીત વોક શો પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં પધારેલા શહેરના નામાંકિત આર્કિટેક, એન્જીનીયરો તથા બિલ્ડરો પૂ. મહંત સ્વામી અને ટ્રસ્ટી શ્રી રતીભાઈ સાથે વાર્તાલાપ કરતાં. (5) શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુરમાં શરદપૂનમની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી (6)નારણઘાટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શરદપૂનમની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી (7) ટોરડા મંદિરમાં શિબિર પ્રસંગે પ.પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરતા સંત - હરિભક્તો (8) જયપુર મંદિરમાં પાટોત્સવ પ્રસંગે કથાના વક્તા પૂ. પી.પી.સ્વામી અને વ્યાસપીઠની આરતી ઉતારતા યજમાન પરિવાર


Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003 9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011




સીનેમીન્સન - સાઉથજર્સી આપણા મંદિરમાં
પ.પૂ. મહારાજશ્રીના પ્રાકટ્યોત્સવની ઉજવણી




સીનેમીન્સન - સાઉથજર્સી મંદિરના પાટોત્સવ
પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા સંતો





પર્થ - ઓસ્ટ્રેલીયા હોલમાં મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી
સાથે શાસ્ત્રી રામકૃષ્ણદાસજી તથા વિશાળ સંખ્યામાં લાભ લેતા હરિભક્તો.





શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી
તથા કથાનું રસપાન કરાવતા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી

Jagadish Offset
Praful Kharsani